

મુનિઓ જે ઉપદેશ આપે છે તે ખરેખર તો શુદ્ધતાનો પોકાર છે. પોતાને જે શુદ્ધ ચૈતન્યની પ્રિયતા લાગી છે તેની જગતની પાસે પ્રસિદ્ધિ કરે છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી


* કહાન સંવત-૬ [૫૦૬] * આત્મધર્મ * [અંક : ૬ વર્ષ : ૪૨] વીર સં. ૨૫૧૨ નવેમ્બર ૧૯૮૫ *

# * આ ચૈતન્યચમત્કારની વાત છે *

[પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના તા. ૧૪-૧૨-૭૭ ના અત્યંત ઉલ્લાસભર્યા હૃદયોદ્‌ગાર]

નારકીને એટલું દુઃખ છે કે તેના એક સમયના દુઃખને કરોડો જીભથી કરોડો વર્ષ સુધી કહે તોપણ કહી શકાય નહિ. તેમ જીવના એક એક ગુણને એક એક મિનીટે કે એક એક સમયે કહે તોપણ ત્રણ કાળમાં પૂરેપૂરા કહી શકાય નહિ એટલા અનંત અનંત ગુણો જીવમાં છે. કેમ કે ત્રણ કાળના સમય કરતાં આકાશના પ્રદેશો અનંતા છે, તેનાં કરતાં પણ જીવમાં અનંતા ગુણો છે. આહાહા! આવો જીવનો ચમત્કારી સ્વભાવ છે. ત્રણ કાળમાં પણ કહી શકાય નહિ એટલા અનંતા ગુણોને ધરનાર દ્રવ્યની પ્રતીતિ એક સમયની પર્યાય કરે છે, એ પર્યાયની તાકાત કેટલી? એ એક સમયના અવિભાગપ્રતિચ્છેદ કેટલા? આહાહા! વસ્તુનો સ્વભાવ કેવો છે! આહાહા! એ અનંત ગુણમય દ્રવ્યની શ્રદ્ધા એક સમયની પર્યાય કરે છે, એક સમયની પર્યાયમાં અનંતા ગુણની પર્યાય વેદનમાં આવી જાય છે. આહાહા! આવી વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ.

વસ્તુ અનંત સ્વભાવવાળું એક તત્ત્વ છે. પરમાણુ કહેતા નાનું લાગે પણ એ અનંત સ્વભાવવાળું તત્ત્વ છે. એ જડ હોવા છતાં અનંતી શક્તિવાળું ચમત્કારીક તત્ત્વ છે.

ચૈતન્ય ચમત્કારી તત્ત્વનું સામર્થ્ય કેટલું!—એમ અંદરમાં દેખે-પ્રતીત કરે તો ધર્મનો મહેલ થવાનો પાયો ઊભો થાય. વિકલ્પ તૂટ્યા વિના આવી વસ્તુ અંદરમાં બેસે નહિ. વસ્તુ છે તે સીમારહિત છે, અમર્યાદિત વસ્તુ છે, અક્ષય ને અમેય વસ્તુ છે, એ વસ્તુને શ્રદ્ધામાં લેનારી પર્યાય પણ કદી નાશ ન થાય એવી અક્ષય ને અમેય છે. ભલે અચારિત્રના પરિણામ હોય તોપણ એની શ્રદ્ધાપર્યાયની જ્ઞાનપર્યાયની એટલી તાકાત છે કે રાગ એમાં નથી, પરદ્રવ્ય એમાં નથી,—એમ જાણી લ્યે છે.

વસ્તુ જ આવા ચમત્કારી સ્વભાવવાળી છે. આકાશનું ક્ષેત્ર અનંત અનંત કે જેનો અંત નથી—એ શું બતાવે છે? પર્યાયની આદિ નથી કે અંત નથી એ શું બતાવે છે? કેવળજ્ઞાનની પર્યાય એક સમયમાં લોકાલોકને જાણી લ્યે છે, અરે! અનંત લોકાલોક હોય તોપણ તેને જાણવાની સામર્થ્યવાળી એ પર્યાય છે એ શું બતાવે છે? —કે વસ્તુ ચમત્કારી સ્વભાવવાળી છે.

વસ્તુ એવી ચમત્કારીક જાદુગરી છે કે તેના ગુણોમાંથી દરેક સમયે પર્યાય પ્રગટ્યા જ કરે, છતાં પણ તે ગુણમાં ઘટ-વધ ન થાય, એવા ને એવા કાયમ રહે, એ વસ્તુનો ચમત્કાર છે. વિકારી પર્યાય દ્રવ્યમાં સમાય છતાં દ્રવ્યમાં વિકારરૂપ ન રહે એ

[ અનુસંધાન માટે જુઓ પાનું...૩૧ ]

કહાન
સંવત–૬
વર્ષ–૪૨
અંક–૬
[ ૫૦૬ ]




વીર
સંવત
૨૫૧૨
A. D. 1985
DEC.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

મહા–મંત્ર

# સ્વાશ્રિત નિશ્ચય, પરાશ્રિત વ્યવહાર

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૬ )

શ્રી યોગીન્દુ મુનિરાજકૃત આ યોગસાર શાસ્ત્ર ચાલે છે. તેમાં ૮૯ મી ગાથા ચાલે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પરવ્યવહાર છોડીને પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય લઈને તેમાં લીન થાય છે એ જ એક મોક્ષનો માર્ગ છે, એ વાત ચાલે છે.

આત્મસ્વરૂપે જે રમે, તજી સકળ વ્યવહાર,
સમ્યગ્દૃષ્ટિ જીવ તે, શીઘ્ર કરે ભવપાર. ૮૯.

એક એક શબ્દમાં મુનિરાજ કેટલો સાર ભરી દે છે! જ્યાં સુધી જીવ પરદ્રવ્ય આશ્રિત વ્યવહારમાં રહે છે અને પોતાના શુદ્ધ ચૈતન્યમૂર્તિ દ્રવ્યસ્વભાવના આશ્રયમાં આવતો નથી ત્યાં સુધી તેની મુક્તિ થતી નથી.

સમ્યગ્દર્શનમાં પણ પહેલાં સ્વદ્રવ્યનો આશ્રય હોય છે. પછી જેટલો પરદ્રવ્યનો આશ્રય રહે છે ત્યાં સુધી મુક્તિ થતી નથી. સીધી જ વાત છે કે વ્યવહાર પરાશ્રિત છે અને નિશ્ચય સ્વાશ્રિત છે. સાક્ષાત્ તીર્થંકર ભગવાન હો, સર્વજ્ઞ હો, સમવસરણ હો, સમ્મેદશિખર હો કે ગણધર આચાર્ય આદિ ભલે હો પણ તે પરદ્રવ્ય છે. તેના આશ્રયે સમ્યગ્દર્શન ત્રણકાળમાં થતું નથી. સ્વના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે.

ભગવાન! ન્યાયથી તો સાંભળો ભાઈ! આ આત્મદ્રવ્ય એક સેકંડના અસંખ્યાતમાં

ભાગમાં શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનો પિંડ છે. પુણ્ય-પાપના વિકલ્પ છે એ તો આસ્રવ છે. તે જીવ નથી અને શરીર, કર્મ આદિ અજીવ છે તે પણ જીવ નથી અને દેવ-શાસ્ત્ર-ગુરુ પણ પરદ્રવ્ય છે. પોતાના દ્રવ્યથી ભિન્ન છે. તો એ પરદ્રવ્યના આશ્રયે ધર્મની શરૂઆત કેમ હોઈ શકે? સ્વદ્રવ્યમાં અનંત....અનંત શુદ્ધતા ભરી પડી છે. તેના આશ્રય વગર પરાશ્રયે ધર્મની શરૂઆત-સમ્યગ્દર્શન કદાપિ હોઈ ન શકે.

તેથી જ અહીં દેવસેન આચાર્યકૃત ગાથાનો આધાર આપ્યો છે કે જ્યાં સુધી જીવ વ્યવહાર, રાગ, વિકલ્પ આદિનો આશ્રય કરે છે ત્યાં સુધી તે ભવ્ય જીવ ભલે કઠીન, કઠીન તપ કરતો હોય તોપણ મોક્ષ પામતો નથી. બાર-બાર મહિનાના ઉપવાસ કરે કે પરલક્ષે ઈન્દ્રિયદમન કરે એ તો બધો પુણ્યભાવ છે, બંધનું કારણ છે. તેનાથી મુક્તિ કોઈ કાળે ન થાય. અનંતકાળમાં જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામ્યા છે તે પૂર્ણ ચૈતન્યકંદ, આનંદઘન નિજતત્ત્વના આશ્રયે પામ્યા છે. સમ્યગ્દર્શન થયા પછી પણ જેટલો વ્યવહાર બાકી રહે છે તેને પરાશ્રય જાણીને છોડે અને સ્વાશ્રય કરે ત્યારે જ સમ્યગ્દૃષ્ટિને શુકલધ્યાન અને કેવળજ્ઞાન થઈને મુક્તિ થાય છે.

માટે, સૌ પ્રથમ શ્રદ્ધામાં એવો નિર્ણય થવો જોઈએ કે સ્વાશ્રયથી જ ધર્મની શરૂઆત અને પૂર્ણતા છે. પરાશ્રયથી તો ધર્મની શરૂઆત પણ થતી નથી. કેમ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદ આદિ બધી પર્યાયોનો પિંડ તો દ્રવ્ય છે, વ્યવહારના રાગમાં એ પર્યાયની શક્તિ નથી. નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય દ્રવ્ય, ગુણમાં છે, પરાશ્રિત વ્યવહારમાં નથી. આ તો ભાઈ! સીધી અને સરળ વાત છે.

બંધ અધિકારમાં અમૃતચંદ્ર આચાર્ય પણ કહે છે કે ભગવાન એમ કહે છે કે પરદ્રવ્યને હું મારી-જીવાડી શકું છું કે સુખી-દુઃખી કરી શકું છું એ આદિ સર્વ અધ્યવસાય—પરમાં એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ છે. તેથી જેટલો પણ પરાશ્રય છે બધો ભગવાને છોડાવ્યો છે.

મહાસિદ્ધાંતો આપેલાં છે ત્યાં વાદ-વિવાદનું સ્થાન જ કયાં છે? એક જ વાત છે. પોતાનો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે તેના આશ્રયથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે અને તેના આશ્રયથી જ શુકલધ્યાન અને કેવળજ્ઞાન થાય છે.

સર્વજ્ઞ ભગવાનની પેઢીમાં ત્રણકાળ ત્રણલોકમાં એક જ સિદ્ધાંત ચાલે છે 'સ્વાશ્રિત તે નિશ્ચય અને પરાશ્રિત તે વ્યવહાર' અને નિશ્ચયનયાશ્રિત મુનિવરો જ મુક્તિ પામે છે.

પરદ્રવ્યના આશ્રયે થતાં ભાવ શુભ હો કે અશુભ હો પણ તે બંને અશુદ્ધભાવ છે. તેમાં જેનું મન લીન છે તેને સ્વાશ્રય નથી અને સ્વાશ્રય નથી માટે તેને મુક્તિ પણ પ્રાપ્ત થતી નથી. પોતાનો શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે તેના આશ્રયથી જ શુદ્ધભાવ પ્રગટ થાય છે અને શુદ્ધભાવથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે.

ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકીનાથે જે પદ્ધતિ કહી છે તે પદ્ધતિ ન રહે તો આખી અન્યમતની પદ્ધતિ થઈ જાય. રાગથી લાભ માનવો એ તો અન્યમતની પદ્ધતિ છે. સર્વજ્ઞ પરમાત્માની અનાદિ પરંપરાથી ચાલી આવતી પદ્ધતિની શ્રદ્ધા તો બરાબર હોવી જોઈએ. સ્થિરતા ભલે વિશેષ ન થઈ શકે પણ સ્વાશ્રયે જ લાભ છે—એવી દૃષ્ટિ તો બરાબર હોવી જોઈએ. આ વાત ત્રણકાળમાં ફરવી ન જોઈએ.

આથમણો થોડો ચાલે તો ઉગમણો જાય ? એટલે કે પશ્ચિમ તરફ થોડું ચાલે તો પૂર્વ તરફ જઈ શકે એમ કદી હોઈ શકે ? ન હોય, તો પછી થોડો પરાશ્રય કરે પછી સ્વાશ્રય થાય એમ કેમ બની શકે ?

આ બધા શેઠિયા–શેઠ કહેવાય છે ને! અહીં તો કહે છે કે જે સ્વાશ્રય કરે તે શ્રેષ્ઠ એટલે શેઠ છે. પૈસાવાળા શેઠ નથી.

લોકોમાં કહેવત છે ને! 'પરાધીન સ્વપ્ને સુખ નહિ.' એ જ વાત અહીં છે. સાક્ષાત્ સર્વજ્ઞદેવ ભલે હો પણ તે પરદ્રવ્ય છે તેના આશ્રયે અન્ય જીવને સુખ કોઈ કાળે થાય નહિ. પરાશ્રયભાવ તે વ્યવહાર અર્થાત્ બંધ છે. સ્વાશ્રયભાવ જ સદા અબંધ છે. ત્રણકાળ, ત્રણલોકમાં આ એક જ સિદ્ધાંત છે તે કદી ફરે તેમ નથી.

હવે ૯૦ મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે સમકિતી જ પંડિત અને પ્રધાન છે.

જે સમ્યક્ત્વપ્રધાન બુધ, તે જ ત્રિલોકપ્રધાન,
પામે કેવળજ્ઞાન ઝટ, શાશ્વત સૌખ્યનિધાન. ૯૦.

આહાહા...! દિગંબર સંતોએ પણ કાંઈ કામ કર્યાં છે! બહુ થોડાં શબ્દોમાં આખો સાર ભરી દીધો છે.

આ તો યોગસાર છે. પોતાના આશ્રયે જે પર્યાય પ્રગટ થાય તેનું નામ 'યોગ' છે તે યોગનો આ સાર છે. પરાશ્રિત વ્યહાર તે યોગસાર નથી પણ સ્વાશ્રિત નિશ્ચય તે યોગસાર છે.

જે સમ્યગ્દર્શનનો સ્વામી છે—આત્મા સમજ્યો છે તે પંડિત છે, બાકી અગિયાર અંગ ને ચૌદપૂર્વ ભણી ગયેલો હોય તોપણ તે પંડિત નથી. આત્માના આશ્રય વગર અગિયાર અંગ આદિનું જ્ઞાન પણ નાશ પામી જાય છે અને જીવ નિગોદમાં પણ ચાલ્યો જાય છે. અક્ષરના અનંતમાં ભાગે જ્ઞાનનો ક્ષયોપશમ થઈ જાય છે. માટે આત્મજ્ઞાન વગરનું એકલું અગિયાર અંગનું જ્ઞાન કાંઈ કલ્યાણકારી નથી કેમ કે તે પરાશ્રિત છે.

જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મામાં એકાગ્ર થઈને તેમાંથી જ્ઞાનનો કણ કાઢવો તે કણ પણ કલ્યાણકારી છે. ( આ 'કણ' કહેતાં કણિકા યાદ આવી ) બનારસીદાસજીએ પરમાર્થ-વચનિકામાં લખ્યું છે કે સ્વરૂપના દૃષ્ટિ-જ્ઞાનપૂર્વક ચારિત્રની કણિકા જાગે તો મોક્ષમાર્ગ

છે, નહિ તો મોક્ષમાર્ગ નથી. બનારસીદાસજી એક બહુ મોટા મહાપંડિત થઈ ગયાં. યથાર્થ વસ્તુસ્વરૂપ લખતાં ગયાં.

અહીં કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જ જગતમાં પ્રધાન (મુખ્ય) છે અને પંડિત છે. સમ્યક્સ્વરૂપ પૂર્ણ શુદ્ધ તત્ત્વની અંતર્મુખ થઈને સ્વાશ્રયે જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તે જ જગતમાં સ્વામી એટલે પ્રધાન અને પંડિત છે. આત્મા જાણ્યો તેણે બધું જાણ્યું. 'એક જાને સબ હોત હૈ, સબસે એક ન હોય.' સમ્યગ્દૃષ્ટિ તો કેવળજ્ઞાન લેશે. અંદરમાં સાદિ અનંતકાળની અનંતી કેવળપર્યાય જ્ઞાનમાં પડી છે તેથી જેણે જ્ઞાયકની દૃષ્ટિ કરી તે એક બે ભવમાં કેવળજ્ઞાન લેશે....લેશે અને લેશે જ.

જેની દૃષ્ટિમાં પોતાનો આત્મા શ્રેષ્ઠ છે તે જીવ જગતમાં પ્રધાન છે અને તે જ પંડિત છે. શ્રાવકરત્નકરંડમાં સમકિતની બહુ મહિમા કરી છે કે સમકિત તો પરમ આધાર છે તેના વગર જ્ઞાન વ્રત-તપ ચારિત્ર આદિ બધું ફોગટ છે, કાંકરા સમાન છે. ચૈતન્યરત્નની દૃષ્ટિ અને નિર્વિકલ્પ અનુભૂતિ વગર બધું વ્યર્થ છે.

છઢાળામાં પણ સમકિતની મહિમા ગાતાં લખ્યું છે કે સ્વભાવની ગરિમા જ એવી છે કે તેના દૃષ્ટિવંત સમ્યગ્દૃષ્ટિને ભલે જરાપણ સંયમ ન હોય તોપણ દેવો આવીને તેને પૂજે છે.

સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ જ્યાં પડી છે એવા સ્વભાવમાં જ તે રહેલાં છે, રાગમાં રહેલાં નથી. સમ્યગ્દૃષ્ટિને સ્વભાવની જ રુચિ છે, રાગની રુચિ નથી. આવા જગતશ્રેષ્ઠ સમ્યગ્દૃષ્ટિ અવિનાશી સુખના નિધાન એવાં કેવળજ્ઞાનને શીઘ્ર પ્રાપ્ત કરે છે.

સમ્યગ્દૃષ્ટિ જિનેશ્વરના લઘુનંદન છે. બનારસીદાસજી સમયસાર નાટકમાં લખે છે 'ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતલ ચિત્ત ભયો જિમ ચંદન, કેલી કરે શિવ-મારગમેં, જગમાંહી જિનેશ્વરકે લઘુનંદન.' મુનિરાજ મોટા પુત્ર છે અને સમ્યગ્દૃષ્ટિ નાના પુત્ર છે.

સમ્યગ્દૃષ્ટિની આવી મહિમા છે તે જ્યાં સુધી અંતરમાં ખ્યાલમાં ન આવે અને પોતાના ક્ષયોપશમ જ્ઞાનની કે રાગની મંદતાની અધિકતા રહ્યાં કરે, સમ્યગ્દૃષ્ટિ મારાંથી કોઈ અધિક મહાન છે એવું બહુમાન ન આવે ત્યાં સુધી તેને સ્વદ્રવ્યનો આશ્રયભાવ પ્રગટ થતો નથી.

સમ્યગ્દર્શન સર્વ ગુણોમાં મુખ્ય ગુણ છે. 'દંસણમૂલો ધમ્મો.' ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. તેથી જ અહીં (સ્વાધ્યાયમંદિરમાં) કુંદકુંદ આચાર્યના ચાર બોલ મોટા અક્ષરમાં લખ્યાં છે. (૧) દંસણમૂલો ધમ્મો. (૨) દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. (૩) દર્શનશુદ્ધિ તે જ આત્મસિદ્ધિ અને (૪) પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. ચારેય વાક્ય સારમાં સાર છે.

ધર્મ ચારિત્ર છે પણ તેનું મૂળ સમ્યગ્દર્શન છે. અને 'मूलं नास्ति कुतो शाखा ?' જ્યાં સમ્યગ્દર્શનરૂપી મૂળ જ નથી ત્યાં વ્રત, તપ, સંવર, નિર્જરા આદિની શાખા ક્યાંથી હોય ? એકડાં વગરના મીંડા શું કામના ? મુખ્યતા એકડાની છે. એકડાં સહિતના મીંડાની કિંમત છે તેમ સમ્યક્ત્વ સહિતના જ્ઞાન અને ચારિત્ર મુક્તિનું કારણ છે.

સમ્યક્દર્શનનું ધ્યેય સ્વરૂપમાં છે, દૃષ્ટિ દ્રવ્યમાં છે, પરિણમન પણ દ્રવ્ય તરફ છે અને રાગથી મુક્ત છે તેથી સમ્યક્ દૃષ્ટિ ક્રમે ક્રમે મોક્ષ તરફ લઈ જાય છે. અર્થાત્ સમ્યગ્દર્શન અબંધપરિણામની ઉગ્રતા તરફ લઈ જાય છે. કેમકે અબંધસ્વભાવી દ્રવ્યની દૃષ્ટિ થઈ એટલે પરિણામ અબંધસ્વભાવ તરફ જ છે અને અબંધપરિણામ તે જ મોક્ષમાર્ગ છે.

જેમ મૂળ વિના વૃક્ષ હોતું નથી. તેમ સમ્યક્ત્વ વિના ધર્મ હોતો નથી. શાસ્ત્ર-જ્ઞાન ઘણું હોય પણ સમ્યગ્દર્શન ન હોય તો તે જ્ઞાની, પંડિત નથી. અને એક દેડકું ભલે તેને નવતત્વના નામની પણ ખબર ન હોય પણ આત્માનો આશ્રય કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરી શકે છે. આ અતીન્દ્રિય આનંદસ્વરૂપ તે હું છું તેનાથી વિરૂદ્ધ દુઃખ તે હું નહિ એટલું સમજાયું તેમાં બધું આવી ગયું.

ભગવાન આત્માને અતીન્દ્રિય આનંદનો જ્યાં પર્યાયમાં સ્પર્શ થાય છે ત્યાં નવેય તત્ત્વનું જ્ઞાન થઈ જાય છે. અતીન્દ્રિય આનંદનું વેદન થતાં અતીન્દ્રિય જ્ઞાનનંદસ્વરૂપ આખો આત્મા તે હું જીવદ્રવ્ય, નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે સંવર-નિર્જરા તત્ત્વ, આનંદથી વિરૂદ્ધ આકુળતારૂપ-દુઃખરૂપ ભાવ તે આસ્રવ-બંધ તત્વ અને આનંદ મૂર્તિ નિજદ્રવ્યથી જુદાં અચેતન દ્રવ્ય તે અજીવદ્રવ્ય-આમ નવેય તત્વનું યથાર્થ જ્ઞાન સમ્યગ્દર્શન થતાં એકસાથે થઇ જાય છે.

સમયસાર છઠ્ઠા ગાથામાં આત્માને પરદ્રવ્યથી ભિન્ન ઉપાસ્યમાન કહ્યો છે. દ્વાદશાંગ વાણીનો સાર જ આ છે કે આત્માને જાણવો. આત્મા તો શુદ્ધ છે જ, શુદ્ધ જે જાણે તેને લાભ છે. જે પરદ્રવ્યનું લક્ષ છોડી પોતાના સ્વભાવનું લક્ષ કરી પર્યાયમાં દ્રવ્યની ઉપાસના કરે છે, સેવા કરે છે, તેને પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે. એ શુદ્ધતાથી જ જાણ્યું કે ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ છે. પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થયા વગર ક્યાંથી જણાય કે દ્રવ્ય શુદ્ધ છે. માટે જ કહ્યું કે પર્યાયમાં દ્રવ્યની સેવા કરીને તેને શુદ્ધ જાણવો તે દ્વાદશાંગ વાણીનો સાર છે.

સર્વજ્ઞ ભગવાન તો દરેક જીવને શુદ્ધ જ દેખે છે પણ તેથી તને શું લાભ ? તું શુદ્ધ જાણ તો તને લાભ થાય. સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં તો એક એક તત્ત્વ જેમ છે તેમ જણાય છે. અહો ! ચારે પડખેથી સત્ય ઉભું થાય છે. દિવ્યજ્ઞાનની શી વાત ? સ્વભાવને શી મર્યાદા ? લોકાલોક તો શું પણ તેથી અનંતગુણા લોકાલોક હોય તેને પણ જાણવાનું જ્ઞાનમાં સામર્થ્ય છે. સ્વતઃ સ્વભાવ છે, સહજ તાકાત છે. જડ

પરમાણુમાં પણ એક સમયમાં આખા બ્રહ્માંડમાં જવાની તાકાત છે, તો જ્ઞાનની તાકાતનું શું કહેવું ? જેનો જે સ્વભાવ હોય તેમાં મર્યાદા ન હોય.

સમ્યગ્દૃષ્ટિ ચંડાલ હો તોપણ તે દેવ દ્વારા પૂજવા યોગ્ય છે. અલ્પકાળમાં તે ચારિત્ર લઈને મુક્તિ પ્રગટ કરશે. અને સ્વદ્રવ્યની દૃષ્ટિ વિનાનો ભલે નવમી ગ્રૈવેયકનો દેવ હોય તોપણ તે પૂજ્ય નથી. માટે જ કહ્યું છે કે સમ્યગ્દર્શન સહિત નરકવાસ પણ ભલો છે અને સમ્યગ્દર્શન વિના સ્વર્ગનો વાસ પણ ભલો નથી. સમ્યગ્દર્શન થયું તેનો તો મોક્ષ થઈ ગયો.

સમ્યગ્દર્શન થતાં અનાદિના અજ્ઞાન અંધકારનો નાશ થઈને જ્ઞાનપ્રકાશ પ્રગટ થાય છે. સમ્યગ્દૃષ્ટિને 'સબ આગમભેદ સુ ઉર બસે' બધા આગમનો સાર જ્ઞાનમાં આવી જાય છે. બહાર ક્યાંય શોધવા જવું પડતું નથી.

અજ્ઞાનદશામાં જે સંસાર પ્રિય લાગતો હતો, તે જ સંસાર સમ્યગ્દર્શન થતાં ત્યાગવા યોગ્ય દેખાવા લાગ્યો. ઇન્દ્રિયસુખની રુચિ પણ ટળી ગઈ. ત્રણલોકના ઇન્દ્રિય-સુખનો દૃષ્ટિમાંથી ત્યાગ થઈ ગયો.

સમ્યગ્દર્શન થતાં જીવ અનંત જ્ઞાન-દર્શન-વીર્ય-સુખ આદિ સંપત્તિનો સ્વામી બની જાય છે અને તે અનંતગુણનો અંશ પર્યાયમાં પ્રગટ થઈ જાય છે. પછી તે પરચીજનો માલિક થતો નથી. મિથ્યાત્વદશામાં શરીર અને પરદ્રવ્યમાં અહંકાર, મમકાર કરતો તે હવે આત્મામાં અહંકાર અને તેના ગુણોમાં મમકાર કરવા લાગ્યો.

ચૈતન્યરવિ-સમ્યક્‌ત્વસૂર્ય ઉગતાં મિથ્યાત્વ અંધકાર ટળી જાય છે. મિથ્યાત્વ દશામાં સદા ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટના નાશ માટે ઉદ્યમી રહેતો હતો તે હવે ઇષ્ટ-અનિષ્ટની દૃષ્ટિ છોડીને સ્વભાવપ્રાપ્તિનો ઉદ્યમી થઈ જાય છે. દૃષ્ટિએ ગુંલાટ ખાધી ત્યાં બધું બદલાઈ ગયું. તેની મહિમા કેમ કરવી ?

સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થદશામાં પણ ક્યાંય લેપાઈ જતો નથી, અંદરથી વૈરાગી રહે છે અને ભેદવિજ્ઞાનને ભાવે છે અને ધીરે ધીરે નિર્મળ થતો મુનિ થઈને કેવળજ્ઞાન સુધી પહોંચી જાય છે. સમ્યગ્શંન તે જ સાચો મિત્ર છે, જે સંસારના દુઃખથી છોડાવી નિર્વાણ પહોંચાડી દે છે.

હવે અહીં આત્માનુશાસનનો દાખલો આપે છે કે સમ્યગ્દર્શન વિના શાંતભાવ, જ્ઞાન, ચારિત્ર આદિ બધું પથ્થર-કાંકરા સમાન તુચ્છ છે અને એ જ શાંતભાવ, જ્ઞાન, ચારિત્ર આદિ સમ્યગ્દર્શન સહિત હોય તો તેની કિંમત મહારત્ન સમાન થઈ જાય છે.

આમ મૂળ કિંમત સમ્યગ્દર્શનની છે તેથી સમ્યગ્દૃષ્ટિ જ મુખ્ય છે, પંડિત છે અને જગત્શ્રેષ્ઠ છે. આથી ધર્મના મૂળ તરીકે સમ્યગ્દર્શન સિવાય બીજી કોઈ ચીજ મહિમાવંત નથી. [ ક્રમશઃ ]

—૦—

# વૈરાગ્યજનની : બાર ભાવના

શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

આજે શ્રુતપંચમી છે. ષટ્ખંડાગમનો દિવસ છે. આ ષટ્ખંડાગમ મહાવીર ભગવાનની દિવ્યધ્વનિ સાથે સંબંધ ધરાવે છે. મહાવીર ભગવાન પછી કેટલાક કાળે ઘણું શ્રુત તો વિચ્છેદ ગયું, ને અમુક ભાગ રહ્યો. આ સૌરાષ્ટ્ર દેશમાં આજથી લગભગ બે હજાર વર્ષ પહેલાં ગીરનાર પર્વતની ચંદ્રગુફામાં શ્રી ધરસેન મુનિ નામના મહાન દિગંબર સંત આચાર્ય ધ્યાન કરતા હતા. તેમને અંગ પૂર્વના એકદેશનું જ્ઞાન હતું. તેઓ મહાન વિદ્વાન અને શ્રુતવત્સલ હતા.

તેમને એવો ભય થયો કે "હવે મારી પાછળ અંગશ્રુત વિચ્છેદ થઈ જશે" તેથી પોતાની પાસેનું અંગશ્રુતજ્ઞાન કોઈ સમર્થ મુનિઓને ભણાવવાનો વિકલ્પ ઉઠયો તે માટે દક્ષિણ દેશમાં ધર્મોત્સવ પ્રસંગે ભેગા થયેલા આચાર્યો ઉપર સમાચાર મોકલ્યા. અને ધરસેનાચાર્યદેવના આશયને સમજીને તે આચાર્યોએ પુષ્પદંત અને ભૂતબલિ નામના બે મહાસમર્થ અને વિનયવંત મુનિઓને તેમની પાસે મોકલ્યા.

જ્યારે તે બે મુનિઓ આવી રહ્યા હતા ત્યારે અહીં ધરસેનાચાર્યદેવે એવું મંગળ સ્વપ્ન જોયું કે બે ઉત્તમ સફેદ બળદો ત્રણ પ્રદક્ષિણા દઈને નમ્રતાપૂર્વક પોતાના ચરણે નમી રહ્યા છે, એ સ્વપ્ન જોતાં ઉત્સાહથી **'શ્રુતદેવતા જયવંત હો'** એવું આશીર્વાદ વચન આચાર્યદેવના મુખમાંથી નીકળ્યું. એ જ દિવસે શ્રી પુષ્પદંત અને ભૂતબલિ મહારાજ આવી પહોંચ્યા શ્રી આચાર્યદેવે હીનાધિક અક્ષરોવાળી વિદ્યા સાધવા આપીને તેમની પરીક્ષા કરી, પછી સર્વજ્ઞ પરંપરાથી ચાલ્યા આવતા શ્રુતજ્ઞાનનો અંશ (ષટ્ખંડાગમ) તેમને ભણાવ્યો. ત્યારપછી તે પુષ્પદંત અને ભૂતબલિ આચાર્ય ભગવંતોએ ષટ્ખંડાગમની રચના કરી અને જેઠ સુદ ૫ના રોજ અંકલેશ્વરમાં મહામહોત્સવ કરીને ચતુર્વિધ સંઘ સહિત એ પવિત્ર શ્રુતજ્ઞાનની પૂજા કરી, ત્યારથી આજનો દિવસ 'શ્રુતપંચમી' તરીકે પ્રસિદ્ધ છે અને તે દર વર્ષે ઉજવાય છે, એ રીતે આજે શ્રુતની પ્રતિષ્ઠાનો મહામાંગલિક દિવસ છે.

જેમના રાગદ્વેષ ટળી ગયા છે એવા નિર્ગ્રંથ મુનિરાજ પુષ્પદંત ભૂતબલિએ આ ષટ્ખંડાગમ રચ્યાં છે, આનો પરંપરા સંબંધ ભગવાનની વાણી સાથે છે તેમ જ શ્રી કુંદકુંદાચાર્યદેવે જે સમયસારાદિ પરમાગમો રચ્યા છે તેનો સંબંધ પણ ભગવાનની દિવ્યધ્વનિ સાથે છે. દ્રવ્યે ને ભાવે નિર્ગ્રંથ એવા સંત મુનિઓએ આ શાસ્ત્રો રચ્યાં છે. જેમને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ નાશ થઈ ગયા હતા એવા પુષ્પદંત અને ભૂતબલિ મુનિવરો

જયવંત વર્તો કે જેમણે આ મહાન ષટ્ખંડાગમની રચના કરીને શ્રુતની ધારાને અવિચ્છિન્ન રાખી. તે ષટ્ખંડાગમનો સીધો સંબંધ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની વાણી સાથે છે. ભગવાન મહાવીરપ્રભુની વાણી ઝીલીને ગૌતમ ગણધરદેવે જે બાર અંગ રચ્યા, તેની પરંપરામાં આ વાણી રહી ગઈ છે. આમા છ ખંડ છે. (૧) જીવ-સ્થાન, (૨) ક્ષુલ્લક બંધ, (૩) બંધસ્વામિત્વ-વિચય, (૪) વેદના, (૫) વર્ગણા અને (૬) મહાબંધ.

આ છ ખંડનું જેને જ્ઞાન હોય તેને 'સિદ્ધાંત ચક્રવતી' કહેવાય છે. જેમ ચક્રવતી છ ખંડને જીતે છે તેમ મતિજ્ઞાનરૂપી ચક્ર વડે જે મુનિવરો આ ષટ્ખંડાગમને જાણે છે તેમને સિદ્ધાંત ચક્રવર્તી કહેવાય છે. જુઓ, આ ષટ્ખંડાગમની ઉત્પત્તિનું ક્ષેત્ર તો સૌરાષ્ટ્રમાં ગીરનાર પર્વત છે. ગીરનાર ઉપરની એક ગુફામાં ધરસેનાચાર્યદેવે પુષ્પદંત અને ભૂતબલિ મુનિરાજને આ ષટ્ખંડાગમનું જ્ઞાન આપ્યું હતું, એ મુનિઓનો અપાર ક્ષયોપશમ હતો.

અહો! અંદર ચૈતન્યની લીનતા તો હતી ને જ્ઞાનના ક્ષયોપશમની એવી દશા હતી કે જાણે દરિયા ફાટયા હોય! એવા સંતોએ આ શાસ્ત્રો ભગવાનની વાણીની પરંપરા ઝીલીને રચ્યાં છે. મુનિને વસ્ત્ર કે સ્ત્રીને મોક્ષ-એ વાત આ સર્વજ્ઞદેવના શાસ્ત્રોમાં વર્ણવી નથી. સર્વજ્ઞદેવે કહેલો સનાતન માર્ગ આમાં જળવાઈ રહ્યો છે. આ શાસ્ત્રોનું બહુમાન આવી જતાં વીતરાગી મુનિઓએ પણ મોટો મહોત્સવ કરાવ્યો હતો. અહો! સર્વજ્ઞની પરંપરાથી આવેલા આ જૈનદર્શનનાં શાસ્ત્રો જળવાઈ રહ્યાં છે! મહાસંત મુનિઓને અંદર ભાન હતું કે શાસ્ત્રની પરંપરા તો તેના કારણે રહેશે, પણ પોતાને અતિ અલ્પ સંજ્વલન રાગ હતો તેથી તેના બહુમાનને પ્રશસ્ત રાગ થયો, અંદર અત્યંત નિસ્પૃહતા વર્તે છે, રાગનું પણ સ્વામિત્વ નથી. જૈન શાસનની પ્રણાલિકા અવિચ્છિન્ન જળવાઈ રહે, એવો વિકલ્પ ઊઠયો. શાસનની ધર્મધુરાનું વહન કરી શકે અને શ્રુતની ધારાને અવિચ્છિન્ન જાળવી રાખે એવા બે સમર્થ મુનિઓ આવી રહ્યા હતા, ત્યારે ધરસેનાચાર્યદેવને 'બે ધોરી બળદ પોતાના ચરણે નમી રહ્યા છે' એવું શુભ સ્વપ્ન આવ્યું. તે સ્વપ્ન જોતાં ઉલ્લાસ આવી ગયો અને બોલી ઊઠયા કે "શ્રુત દેવતા જયવંત હો!" પછી ધરસેનાચાર્યદેવે તે પુષ્પદંત અને ભૂતબલિ નામના બે મુનિઓને જે ષટ્ખંડાગમનું જ્ઞાન આપ્યું તે શ્રુતજ્ઞાનની પૂજાનો આજે મહાન દિવસ છે. તેથી પ્રથમ તેનું માંગલિક કર્યું.

હવે સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષાની ગાથા ૯૯ મી વંચાય છે.

आत्मस्वरूपं वस्तु त्यक्तं रागादिकैः दोषैः ।
स्वध्याने निलीनं तत् जानीहि उत्तमं चरणं ॥ ९९ ॥

અર્થ:—જે આત્મસ્વરૂપ વસ્તુ છે તેમાં રાગાદિ દોષરહિત ધર્મ-શુકલ-ધ્યાનપૂર્વક લીન થવું તેને હે ભવ્ય! તું ઉત્તમ ચારિત્ર જાણ! ૯૯.

ભગવાન મહાવીરે કહેલી કરણાનુયોગની પ્રણાલિકા આ ષટ્ખંડાગમ વગેરેમાં રહી ગઈ છે, ને દ્રવ્યાનુયોગની પ્રણાલિકા સમયસારાદિમાં રહી ગઈ છે. આ સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઘણો જૂનો ગ્રંથ છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવ પહેલાં સ્વામીકાર્તિક થઈ ગયા; તેમા ૯૯ મી ગાથામાં ચારિત્રનું વર્ણન છે.

આત્મસ્વરૂપમાં લીન થવું તે ચારિત્ર છે. વસ્તુ એટલે શું? જેમાં પોતાના ગુણ-પર્યાય વસે તેને વસ્તુ કહેવાય છે. આત્મામાં પોતાના અનંત ગુણ-પર્યાયો વસે છે તેથી આત્મા વસ્તુ છે. આત્મવસ્તુને ઓળખીને તેમાં રાગરહિત લીનતા થવી તે ઉત્તમ ચારિત્ર છે. આત્માના અનાકુળ શાંત સ્વરૂપમાં લીન થઈ જતાં આકુળતા ન રહે તેનું નામ ચારિત્ર છે. આત્માનું સ્વરૂપ શું છે? તે ઓળખીને તેના આનંદમાં લીન થઈ જાય, ને રાગની ઉત્પત્તિ જ ન થાય—એનું નામ ચારિત્ર છે.

જ્ઞાન-દર્શનમય આત્માના સ્વભાવની દૃષ્ટિ કરીને તેમાં એકાગ્રતા થાય તે ધર્મ-ધ્યાન અને શુકલધ્યાન છે. આ ધર્મધ્યાન ને શુકલધ્યાનમાં રાગ નથી અંદર નિરાવરણ નિર્દોષ ચિદાનંદ વસ્તુમાં લીનતા હોય ને બહારમાં નિર્ગ્રંથદશા હોય તેને ચારિત્રદશા કહે છે. આ સિવાય વસ્ત્રાદિ પરિગ્રહ હોય ને મુનિપણું માને તેણે તો અનાદિ સનાતન સત્યને વિપરીત કરી નાખ્યું છે. એકલી નગ્નદશા હોય ને અંદર ચૈતન્યમાં લીનતા ન હોય તો તેને પણ ચારિત્ર નથી. આત્માના આનંદમાં લીનતા તે ચારિત્ર છે ને તે સંવર છે, આવા સંવરને જે આચરતો નથી તે સંસારમાં રખડે છે એમ કહે છે.

एतान् संवरहेतून् विचारयन् अपि यः न आचरति ।
सः भ्रमते चिरं कालं संसारे दुःखसन्तप्तः ॥ १०० ॥

અર્થ:—જે પુરુષ ઉપર પ્રમાણે સંવરનાં કારણોને વિચારતો છતાં પણ તેને આચરતો નથી તે દુઃખોથી તપ્તાયમાન થતો થકો ઘણા કાળ સુધી સંસારમાં ભ્રમણ કરે છે. ૧૦૦.

"આત્મજ્ઞાન ત્યાં મુનિપણું" એમ શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે, પણ તેમાં એવો આશય સમજવો કે આત્મજ્ઞાન વગર મુનિપણું હોય નહિ. ગૃહસ્થને આત્મજ્ઞાન હોય પણ મુનિદશા ન હોય. ઘરમાં બેઠો હોય ને છઠ્ઠા-સાતમાં ગુણસ્થાને ઝૂલતો હોય—એમ બને નહિ. આત્માની વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-રમણતાને જે આચરતો નથી તે જીવ ચાર ગતિનાં દુઃખ ભોગવતો થકો સંસારમાં પરિભ્રમણ કરે છે. ચૈતન્યના ભાનસહિત

ચારિત્રદશા વગર મોક્ષ થાય નહિ. સમ્યગ્દર્શન પછી પણ અંદરમાં લીન થઈને જે વિરક્તદશા પ્રગટે તેને એક-બે ભવમાં મુક્તિ થઈ જાય છે. શક્તિ ન હોય તો મુનિ દશાની ભાવના રાખવી, પણ મુનિપણું બીજી રીતે ન માનવું.

यः पुनः विषयतिरक्तः आत्मानं सर्वदा अपि संवृणोति ।
मनोहर विषयेभ्यः तस्य स्फुटं संवरः भवति ॥ १०१ ॥

અર્થ:—જે મુનિ ઇન્દ્રિયોના વિષયોથી વિકરત થયો થકો મનને પ્યારા જે વિષયો તેનાથી આત્માને સદાય નિશ્ચયથી સંવરરૂપ કરે છે તેને પ્રગટપણે સંવર થાય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવે ઇન્દ્રિય વિષયોને ત્યાગી ન હોય, તેને હજી રાગ હોય છે. તેને વિષયોમાં સુખબુદ્ધિ તો હોતી નથી. પણ હજી અવિરતિનો રાગ હોય છે ને મુનિને તો ચિદાનંદ આત્મામાં લીનતા થઈ છે ને તેઓ વિષયોથી વિરક્ત થઈ ગયા છે. સ્વભાવની લીનતામાં એવી વિરક્તદશા પ્રગટી ગઈ છે કે ઉપરથી ઇન્દ્રાણી આવે તોપણ તે ચલાયમાન કરવા સમર્થ નથી. મનને પ્યારા એવા પાંચ ઇન્દ્રિયોના વિષયો પ્રત્યેથી રુચિ તો સમ્યગ્દૃષ્ટિને છૂટી ગઈ છે, ને મુનિને તો તેની આસક્તિ પણ છૂટી ગઈ છે, અંદરમાં ચૈતન્યસ્વભાવને જ સ્વવિષય બનાવીને તેમાં લીન પડયા છે. એવા સંતો જંગલમાં વસતા ને વીતરાગ ભાવમાં ઝૂલતા હોય છે, તેમને સંવર હોય છે.

આત્મજ્ઞાન થવા છતાં જેને હજી વિષયોથી અત્યંત વિરકતદશા પ્રગટી ન હોય તેને મુનિદશા હોતી નથી. આત્માના ભાન વિના બહારમાં ઘરબાર છોડી જંગલમાં જઈને રહે તેને કાંઈ ચારિત્ર નથી. આત્માનું ભાન હોય ને અંદર ચૈતન્યસ્વરૂપમાં રમણતા પ્રગટી હોય તેને જ વ્રત-પડિમા ને મુનિદશા હોય છે. અગિયારમી પડિમા સુધી શ્રાવકદશા છે, ત્યાં લંગોટી વગેરે હોય, પણ ત્યાર પછી વીતરાગતા વધતાં મુનિદશા પ્રગટે, ત્યાં વસ્ત્રનો એક તાણો પણ ન હોય—આવો સંતોનો માર્ગ છે. જો વસ્ત્રનો એક તાણો પણ રાખીને મુનિદશા મનાવે તો તે જીવ સનાતન માર્ગનો વિરોધ કરીને નિગોદમાં જશે—એમ કુંદકુંદાચાર્ય ભગવાન અષ્ટપ્રાભૃતમાં કહે છે.

ગુપ્તિ સમિતિ વૃષ ભાવના, જયન પરિષહકાર;
ચારિત્ત ધરે સંગ તજી, સો મુનિ સંવરધાર.

ચિદાનંદ આત્મસ્વભાવની દૃષ્ટિ પ્રગટ કરીને જે મુનિઓ ચિદાનંદસ્વરૂપમાં ગુપ્ત થયા છે, શાંતિમાં રમણતારૂપ સમિતિ પાળે છે, ઉત્તમ ક્ષમાદિ ધર્મના વીતરાગભાવમાં ઝૂલે છે, વીતરાગભાવે પરિષહજય કરે છે, ચૈતન્યમાં લીનતારૂપ તપ કરે છે ને સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર પાળે છે એવા મુનિને સંવર હોય છે. સમ્યગ્દૃષ્ટિને પોતાની ભૂમિકા પ્રમાણે સંવર હોય છે, પણ મુખ્ય સંવર મુનિને ગણ્યો છે.

આ વૈરાગ્યની બાર ભાવનાઓ તીર્થંકર ભગવંતો પણ દીક્ષા પહેલાં ભાવે છે,

તેમાં આઠમી સંવર ભાવનાનું પૂરું થઈ.

द्वादशविधेन तपसा निदानरहितस्य निर्जरा भवति ।
वैराग्यभावनातः निरहंकारस्य ज्ञानिनः ॥ १०२ ॥

અર્થ:—જ્ઞાની પુરુષને બાર પ્રકારનાં તપથી કર્મોની નિર્જરા થાય છે. કેવા જ્ઞાનીને થાય છે? જે નિદાન અર્થાત્ ઇંદ્રિય વિષયોની વાંચ્છારહિત હોય તથા અહંકાર—અભિમાનથી રહિત હોય તેને. વળી શા વડે નિર્જરા થાય? વૈરાગ્યભાવના અર્થાત્ સંસાર-દેહ-ભોગથી વિરક્ત પરિણામોથી થાય છે. ૧૦૨.

બાર પ્રકારના સાચા તપ સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. મિથ્યાદૃષ્ટિનાં વ્રત-તપને બાળતપ કહ્યાં છે. માટે કહ્યું કે જ્ઞાની પુરુષને બાર પ્રકારના તપથી કર્મોની નિર્જરા છે. કેવો છે જ્ઞાની? જેને નિદાન છૂટી ગયું છે, એટલે કે પર વિષયોની વાંચ્છા છૂટી ગઈ છે, ને સ્વ વિષયમાં એકાગ્રતા કરે છે. જેને નિદાનશલ્ય, માયાશલ્ય ને મિથ્યાત્વશલ્ય હોય તેને તો શ્રાવકપણું કે મુનિપણું હોતું નથી. વિષયોની વાંચ્છા ન હોય, ને પરની ક્રિયાનો અહંકાર ન હોય. ચૈતન્યનું ભાન કરીને તેની ભાવનામાં એકાગ્રતા હોય તેને જ નિર્જરા થાય છે. કેવા પરિણામોથી નિર્જરા થાય છે? કે ચૈતન્યના ધ્યાન વડે સંસાર-દેહ-ભોગથી વિરક્ત પરિણામ થાય છે તે પરિણામોથી નિર્જરા થાય છે. ભવ-તન-ભોગ એ ત્રણથી વિરક્તિનું વર્ણન ઘણે ઠેકાણે આવે છે. આત્માનો ઉદયભાવ તે સંસાર છે. તેનાથી વિરક્ત થઈને ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતા કરે છે. મુનિને દેહનો સંયોગ હોવા છતાં દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વનું ભાન અને એકાગ્રતા વડે દેહથી વિરક્ત થઈ ગયા છે, તેમને નિર્જરા થાય છે. જેમ નાળિયેરમાં છૂટો ગોળો હોય તેમ દેહમાં ભિન્ન ચૈતન્યગોળાનું ભાન કરીને તેના આનંદમાં જે ઠર્યા છે—એવા મુનિને તપ અને નિર્જરા હોય છે.

તપ વડે નિર્જરા થાય છે, પણ જે તપ જ્ઞાનસહિત હોય તે તપ વડે જ નિર્જરા થાય છે. જ્ઞાનસ્વભાવનું ભાન કરીને તેમાં ઉગ્રપણે સ્થિર થતાં આહારાદિની ઇચ્છા છૂટી ગઈ; તેનું નામ તપ છે, ને તેનાથી નિર્જરા થાય છે. બહારમાં હઠ કરીને આહારાદિ છોડે ને અંદરમાં શાંતિનું ભાન ન હોય તે તો અજ્ઞાનતપ છે. અજ્ઞાનીને બાળતપમાં તો મિથ્યાત્વાદિ પોષાય છે ને હિંસા થાય છે, તેવા તપથી તો કર્મ બંધાય છે.

પાર્શ્વનાથ ભગવાન કુમાર દશામાં હતા ત્યારે ફરવા નીકળ્યા, ત્યારે કમઠ તાપસ હોમ કરતો હતો, તેમાં લાકડામાં સર્પ બળી રહ્યા હતા. પાર્શ્વનાથ ભગવાને તે જાણ્યું અને કહ્યું કે આમાં હિંસા થાય છે, આને તપ ન કહેવાય. અહીં તો કહે છે કે આત્માના ભાન વગર દ્રવ્યલિંગી મુનિ થઈને તપ તપે તો તે પણ અજ્ઞાનતપ છે.

[ અનુસંધાન પાનું ૧૯ ]

# જીવના ઉપયોગનું સ્વરૂપ

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

નવમી ગાથામાં જીવાદિ છ દ્રવ્યો બતાવ્યાં. તેમાં જીવને છ બોલથી વર્ણવ્યો.

( ૧ ) અનાદિથી સંસારી જીવો દસ પ્રાણોથી જીવે છે. તેથી સંગ્રહનયથી દસ પ્રાણથી જીવે તે જીવ એમ કહ્યું.

( ૨ ) વ્યવહારનયથી દ્રવ્યપ્રાણથી જીવે છે.

( ૩ ) નિશ્ચયનયથી તે જીવ જડપ્રાણથી રહિત, પોતાના ચૈતન્યપ્રાણથી જ જીવી રહ્યો છે.

( ૪ ) શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારથી આત્મા કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનો આધાર હોવાથી તેને 'કાર્ય શુદ્ધ જીવ' કહ્યો.

( ૫ ) જેને મતિજ્ઞાનાદિ વિભાવગુણો વર્તે છે, હજી કેવળજ્ઞાન પ્રગટ્યું નથી, એવા સાધકને 'અશુદ્ધ જીવ' કહ્યો છે. અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહારથી આત્મા મતિ-જ્ઞાનાદિનો આધાર છે તેથી તે અશુદ્ધ જીવ છે, એમ કહીને સાધક જીવોને લીધા.

જીવના વર્ણનમાં અનાદિના અજ્ઞાની, સાધક અને પૂર્ણ થઈ ગયેલા એ બધા જીવો આવી જવા જોઈએ, તેથી અહીં તેનું વર્ણન કર્યું છે.

( ૬ ) શુદ્ધનિશ્ચયથી કેવળજ્ઞાનાદિ કાર્ય પ્રગટવાના કારણરૂપ જે ત્રિકાળ શક્તિ-સ્વભાવ છે તે 'કારણ શુદ્ધ જીવ' છે.

—એમ છ બોલથી જીવને ઓળખાવીને પછી બીજા પાંચ દ્રવ્યોને સંક્ષેપથી ઓળખાવ્યા.

હવે આ દસમી ગાથામાં જીવનાં ઉપયોગનું લક્ષણ કહ્યું છે. જીવ ઉપયોગમય છે; તે ઉપયોગનું આ વર્ણન ચાલે છે.

જીવ ઉપયોગમય છે, તેનો ઉપયોગ જ્ઞાન અને દર્શન એવા બે પ્રકારનો છે. તેમાંથી જ્ઞાન ઉપયોગના પ્રકારો અહીં વર્ણવે છે.

૧ કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ

૧ કાર્યસ્વભાવજ્ઞાન-ઉપયોગ

४ જ્ઞાન-ઉપયોગ
૩ અજ્ઞાન-ઉપયોગ } આ સાતેય વિભાવ જ્ઞાન ઉપયોગ
૧ કારણસ્વભાવદર્શન-ઉપયોગ
૧ કાર્યસ્વભાવદર્શન-ઉપયોગ
૩ વિભાવદર્શન-ઉપયોગ

૧૪ આમ ઉપયોગના એકંદર ચૌદ પ્રકાર વર્ણવશે, તે બધાયમાં ઉપયોગનું લક્ષણ લાગુ પડે છે. ઉપયોગ એટલે ચૈતન્ય--અનુવર્તી પરિણામ.

આ ગાથામાં પ્રત્યક્ષ પરોક્ષની વાત નહિ કરે, ઉપયોગમાં પ્રત્યક્ષ કોને કહેવો ને પરોક્ષ કોને કહેવો તે વાત ૧૧-૧૨ મી ગાથામાં કરશે. અહીં સહજજ્ઞાન-ઉપયોગ કહ્યો છે, તેને જ ૧૧-૧૨ મી ગાથામાં સ્વરૂપ પ્રત્યક્ષ કહેશે.

ચૌદ પ્રકારના ઉપયોગ કહ્યા તે બધાય ચૈતન્યને અનુસરીને વર્તતા પરિણામ છે. આત્માનો જે ધ્રુવસ્વભાવ ચૈતન્યસ્વભાવ છે તેને અનુસરીને વર્તનારા પરિણામ તે ઉપયોગ છે. ત્રિકાળી પરમસ્વભાવમાં રહેલો આત્માનો જે સહજ જ્ઞાનપર્યાય છે તે પણ ચૈતન્યને અનુસરીને વર્તનારો ઉપયોગ છે. ને કારણસ્વભાવદર્શન-ઉપયોગ પણ ધ્રુવ ચૈતન્યને અનુસરીને વર્તનારો ઉપયોગ છે. આ બંને ત્રિકાળ એકરૂપ નિરુપાધિક છે, તેમાં ઉત્પાદ-વ્યય નથી, એ સિવાયના બાર ઉપયોગ છે, તે ઉત્પાદ-વ્યયરૂપ છે, પણ ચૈતન્યને અનુસરીને વર્તનારા પરિણામ છે.

આ ઉપયોગ તે જીવનો ધર્મ છે. જીવ તે ધર્મી છે ને ઉપયોગ તેનો ધર્મ છે. અહીં 'ધર્મ' એટલે સ્વભાવ; અહીં ધર્મ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ ન સમજવો પણ જીવે પોતાના ઉપયોગને પોતામાં ધારી રાખ્યો છે તેથી ઉપયોગ તે જીવનો ધર્મ છે. જેમ દીપક પ્રકાશને ધારી રાખે છે તેમ આત્મા પોતાના ઉપયોગને ધારી રાખે છે. આત્મા ઉપયોગ વિનાનો હોય નહિ. ચૌદે પ્રકારના ઉપયોગ એક જીવને એક સાથે ન હોય. તેમાંથી જે કારણસ્વભાવજ્ઞાનઉપયોગ અને કારણસ્વભાવદર્શનઉપયોગ છે તે તો બધા જીવોને ત્રિકાળ છે. બાકીના બાર પ્રકારમાંથી કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ અને કાર્યસ્વભાવ દર્શનઉપયોગ તો કેવળી ભગવાનને જ હોય છે. બાકીના છદ્મસ્થને હોય છે.

જ્ઞાનઉપયોગમાં સ્વભાવ અને વિભાવ એવા બે ભેદ પડે છે, તેમાંથી સ્વભાવ-જ્ઞાનઉપયોગના બે પ્રકાર :

(૧) કાર્યસ્વભાવજ્ઞાન-ઉપયોગ.
(૨) કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ.

આ ત્રિકાળી દ્રવ્ય-ગુણની વાત નથી, પણ ચૈતન્યના ઉપયોગરૂપ પરિણમનની વાત છે. આ કારણસ્વભાવજ્ઞાનઉપયોગ અને કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ–બંને અમૂર્ત અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે. જીવના સ્વરૂપની આ વાત બીજે ક્યાંય પણ હોતી નથી. સર્વજ્ઞે કહેલી આ વાત જાણ્યા વિના સાચી વાતની શ્રદ્ધા થાય નહિ. આવો જીવ જાણ્યા વિના જીવનું જ્ઞાન પૂરું થતું નથી. અહીં તો તત્ત્વોની શ્રદ્ધા માટે આ વર્ણન છે. સર્વજ્ઞ ભગવાન તેમની વાણી અને તેમાં કહેલાં તત્ત્વોની શ્રદ્ધા તે વ્યવહાર શ્રદ્ધા છે. તે તત્ત્વોનું વર્ણન ચાલે છે.

જીવના આ ઉપયોગનું જે વર્ણન ચાલે છે તે બધા ઉપયોગ પણ જીવનું તત્ત્વ છે–જીવના ભાવ છે.

(૧) જીવ ઉપયોગમય છે.

(૨) તે ઉપયોગ ચૈતન્યને અનુસરીને થતા પરિણામ છે.

(૩) તે ઉપયોગના જ્ઞાન અને દર્શન એવા બે પ્રકાર છે.

(૪) જ્ઞાન ઉપયોગના સ્વભાવ અને વિભાવ એવા બે પ્રકાર છે.

(૫) સ્વભાવજ્ઞાનઉપયોગ કારણ અને કાર્ય એવા બે પ્રકારના છે.

કારણસ્વભાવજ્ઞાનઉપયોગ તે ત્રિકાળ એકરૂપ સહજ જ્ઞાન છે. અહીં જ્ઞાનના ઉપયોગની વાત છે. આગળ "કારણ શુદ્ધ પર્યાય"નું વર્ણન આવશે તેમાં બધાય ગુણોની ધ્રુવપર્યાય લઈ લેશે.

કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ એટલે કેવળજ્ઞાન; તે જ્ઞાન ઉપયોગ એકેક સમયનો છે, તે ચૈતન્યસ્વભાવને અનુસરીને વર્તે છે. કોઈ નિમિત્તને, રાગને કે પૂર્વની પર્યાયને અનુસરીને તે વર્તતો નથી. કેવળજ્ઞાનનો ઉપયોગ કેવળજ્ઞાનપર્યાયને પણ અનુસરતો નથી, પણ ત્રિકાળ જ્ઞાનસ્વભાવ અને તેનો ત્રિકાળી સહજ કારણજ્ઞાન-ઉપયોગ છે તેને જ અનુસરીને કેવળજ્ઞાન સાદિ–અનંત, એકેક સમયે વર્તી રહ્યું છે.

જે કાર્ય-ઉપયોગ છે તે કારણ-ઉપયોગને અનુસરીને વર્તનારો છે. ત્રિકાળી ચૈતન્યસ્વભાવ અને તેનો ધ્રુવરૂપ કારણઉપયોગ તેને અનુસરીને કેવળજ્ઞાનરૂપી કાર્ય સ્વભાવજ્ઞાન-ઉપયોગ પ્રગટ્યો છે. કાર્ય વર્તમાન છે અને તેનું કારણ પણ વર્તમાન વર્તતું ધ્રુવ છે. એક સામાન્ય ધ્રુવ ઉપયોગ અને તેનો ધ્રુવ વર્તમાન કારણ-ઉપયોગ તે વિશેષ ઉપયોગ; એ બન્નેને અનુસરીને કાર્યસ્વભાવજ્ઞાન-ઉપયોગ પ્રગટે છે, ને સાદિ–અનંત તેના જ આધારે ટકે છે.

જીવતત્ત્વ છે; ચૈતન્યગુણ તે તેનું તત્ત્વ છે, તેનો ધ્રુવ કારણજ્ઞાન-ઉપયોગ તે પણ તેનું તત્ત્વ છે, તેમાંથી પ્રગટેલો કાર્યસ્વભાવજ્ઞાન-ઉપયોગ તે પણ તેનું તત્ત્વ છે. આવું કબૂલે તેણે આત્માને કબૂલ્યો કહેવાય.

અર્હંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને આ રીતે જે જાણે તે પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળ્યા વિના રહે નહિ.

ચૈતન્યનું જ્ઞાન અને તે જ્ઞાનનો સહજરૂપ ઉપયોગ તે બંને ત્રિકાળ છે, તેને અનુસરીને કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટે છે. કાર્ય પ્રગટે તેનું કારણ કોણ? કે તેનું કારણ ત્રિકાળ નિરૂપાધિક પરમપારિણામિકભાવે રહેલું એવું સહજજ્ઞાન છે. કારણસ્વભાવ જ્ઞાનઉપયોગને કોઈ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવની અપેક્ષા નથી. તે તો ત્રિકાળ પરમપારિણામિકભાવે સ્થિત છે. એવું એકરૂપ સહજજ્ઞાન તે કારણસ્વભાવ જ્ઞાન ઉપયોગ છે, ને તે કેવળજ્ઞાનનું કારણ છે.

જુઓ, પદ્મપ્રભમુનિરાજે તો ટીકામાં સ્પષ્ટ કરીને વર્ણવ્યું છે. પોતાને ન સમજાય, માટે મુનિરાજ ઉપર આરોપ દેવો કે "મુનિએ ટીકામાં કઠણ કરી નાખ્યું છે" તેની અપાત્રતા છે. કારણ–કાર્યને સાથે ને સાથે રાખીને અદ્ભુત વર્ણન કર્યું છે.

ત્રિકાળ પરમપારિણામિકભાવમાં સ્થિત એવો કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ છે, તે જ કેવળજ્ઞાનનું કારણ છે. આવા કારણની પ્રતીત કરે તેને કેવળજ્ઞાનની શંકા ન રહે. કેવળજ્ઞાનપર્યાય કાળને લીધે વર્તતી નથી, પણ કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગના આશ્રયે જ વર્તે છે. પરદ્રવ્યની તો વાત નથી, પણ તેની પૂર્વ પર્યાયને આશ્રયે પણ નવી પર્યાય થતી નથી. વર્તમાન વર્તતો ધ્રુવ કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ છે તેના જ આશ્રયે આ કાર્યસ્વભાવજ્ઞાન પ્રગટે છે.

કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ એક સમયનો પર્યાય છે, પણ તે એવો ને એવો ત્રિકાળ નિરૂપાધિક છે, નિગોદથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવમાં તે ઉપયોગ કર્મની અપેક્ષા વગર એકરૂપ એવો ને એવો છે. જીવતત્ત્વનો આવો સ્વભાવ છે. આવા જીવને જાણ્યા વિના બીજા અજીવ વગેરે તત્ત્વો બરાબર જાણી શકાય નહિ.

એક સમયમાં પ્રત્યક્ષપણે ત્રણકાળ ત્રણલોકને જાણે એવું જે કાર્યસ્વભાવજ્ઞાન છે, તેના કારણરૂપ ઉપયોગ તે સહજજ્ઞાન અથવા કારણસ્વભાવજ્ઞાનઉપયોગ તેને જ હવે પછીની ગાથામાં ત્રિકાળસ્વરૂપ પ્રત્યક્ષઉપયોગ કહેશે. તેનામાં સ્વરૂપને ત્રિકાળપ્રત્યક્ષ કરવાની તાકાત છે, તેમાં કદી પરોક્ષપણું નથી; અધૂરું જાણે કે પૂરું જાણે એવી અપેક્ષા તેનામાં નથી. એક સમયમાં ધ્રુવકારણરૂપ સ્વરૂપપ્રત્યક્ષ ઉપયોગ છે. મતિજ્ઞાન વગેરે તો પરની અપેક્ષાવાળી હીનાધિક પર્યાયો છે; એકરૂપ વર્તમાન ધ્રુવ ઉપયોગ વગર જ્ઞાનગુણ આખો સાબિત થાય નહિ, ને તે વિના આત્મા સાબિત ન થાય.

અહો! જંગલમાં આત્માના આનંદમાં મશગુલ રહેનારા પદ્મપ્રભમલધારિ મુનિને આ ટીકાનો વિકલ્પ ઉઠતાં આ ટીકા રચાઈ ગઈ છે. જુઓ તો ખરા! સ્વભાવકારણ-ઉપયોગ ને તેના આધારે સ્વભાવકાર્યઉપયોગ! આ વાત સમજવામાં ઘણો પુરુષાર્થ જોઈએ.

કાર્યસ્વભાવજ્ઞાનઉપયોગ અને કારણસ્વભાવજ્ઞાનઉપયોગનું વર્ણન કર્યું. એ રીતે સ્વભાવજ્ઞાનઉપયોગનું વર્ણન કર્યું.

હવે વિભાવજ્ઞાન-ઉપયોગમાં કેવળવિભાવરૂપ જ્ઞાનો ત્રણ છે: કુમતિ, કુશ્રુત ને વિભંગ; આ ત્રણે અજ્ઞાનીને હોય છે. તેનો ઉપયોગ પણ થાય છે તો ચૈતન્યને જ અનુસરીને, પણ તેની પ્રતીત ન કરતાં પરને લઈને ઉપયોગ થવાનું તે માને છે, માટે તેનો ઉપયોગ એકલો વિભાવરૂપ છે, તેના ત્રણ પ્રકાર છે: કુમતિ, કુશ્રુત ને કુઅવધિ. ત્રિકાળસ્વભાવનું અવલંબન તે લેતો નથી, ને પરના અવલંબનમાં ઉપયોગને જોડે છે તેના જ્ઞાનને કુજ્ઞાન કહે છે. અજ્ઞાની દ્રવ્યલિંગી દિગંબર જૈન સાધુ થાય ને અગિયાર અંગ ભણે પણ મારું જ્ઞાન પરના આશ્રયે કે વિકલ્પના આશ્રયે છે એમ માને છે તેનું બધું જ્ઞાન કુજ્ઞાન છે, તે ભલે અહીં બેઠા સ્વર્ગ-નરકને જાણે તેવું જ્ઞાન તેને હોય તોપણ તે કુઅવધિજ્ઞાન છે, મિથ્યાજ્ઞાન છે.

આ ઉપયોગના ભેદરૂપ જ્ઞાનના ભેદો હવે કહેવામાં આવતાં બે સૂત્રો (ગાથા ૧૧ ને ૧૨) દ્વારા જાણવા. ઉપયોગના બે ભેદમાંથી જ્ઞાન ઉપયોગના ભેદોનું આ વર્ણન ચાલે છે. જ્ઞાન ઉપયોગના કુલ નવ ભેદ છે તેમાંથી આ ગાથામાં પાંચ પ્રકાર આવ્યા.

૧ કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ

૧ કાર્યસ્વભાવજ્ઞાન-ઉપયોગ

૩ કુમતિ, કુશ્રુત ને અવધિ એ ત્રણ સર્વથા વિભાવરૂપ ઉપયોગ

૫

બાકીના સમ્યક્‌મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યય એ ચાર પ્રકારનું વર્ણન હવેની ગાથામાં આવશે.

[ આ ગાથાનો ભાવાર્થ પ્રવચનમાં ખૂબ વિસ્તારથી આવી ગયો છે; જેમણે ભાવાર્થ વાંચવો હોય તેમણે નિયમસારમાંથી વાંચી લેવો ].

હવે દસમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:—

શ્લોકાર્થ:—જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોને પરિહરી નિજસ્વરૂપમાં સ્થિત રહ્યો થકો શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે—ઊંડો ઊતરી જાય છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે). ૧૭.

ભગવાન પરમેશ્વર નિજ જ્ઞાનાનંદથી ભરપૂર છે, એવા આત્મામાં પર્યાયને અંતર્મુખ કરીને જે એકાગ્ર કરે છે, તે જીવ મુક્તિ પામે છે. ઉપયોગ બહારમાં ભમતો તેને બદલે શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર આત્મામાં અંતર્મુખ થઈને સ્વભાવમાં ડૂબકી મારે

છે તે જીવ મુક્તિ પામે છે. એ રીતે ઉપયોગના પ્રકારો વર્ણવીને તેનું ફળ પણ બતાવ્યું. આ ઉપયોગના ભેદ જાણીને શું કરવું ? કે પરભાવોને છોડીને નિજ ચૈતન્ય-ચમત્કાર સ્વભાવમાં શીઘ્ર પ્રવેશ કરવો. અહીં પરભાવને છોડવાનું કહ્યું તે વ્યવહારથી છે. ખરેખર ચૈતન્યમાં સ્થિત થયો ત્યાં પરભવ છૂટી જાય છે. આ જાણીને ચૈતન્ય ચમત્કાર સ્વભાવમાં ઊંડો ઊતરીને તેનાં શ્રદ્ધા-જ્ઞાનને એકાગ્રતા કરે છે તે મુક્તિ પામે છે.

[ ક્રમશઃ ]

—૦—

[ વૈરાગ્યજનની બાર ભાવના પાનું ...૧૩ થી ચાલુ ]

જે જીવ તપ કરીને તેનું અભિમાન કરે છે, બીજાને પોતાથી હલકો ગણે છે, ક્રોધાદિ કરે છે–તેવા જીવોને નિર્જરા તો નથી પણ બંધન થાય છે. જ્ઞાન સહિત જે વીતરાગ ભાવરૂપ તપ હોય તેનાથી જ નિર્જરા થાય છે. ચૈતન્યનું ભાન ન હોય ને બહારની ક્રિયાના અભિમાનથી તેમાં ધર્મ માની બેસે તેવા જીવને તો સંસારની વૃદ્ધિ થાય છે. ગર્વરહિત એટલે કે ચિદાનંદસ્વભાવના ભાનસહિત તપ વડે નિર્જરા થાય છે. વળી તપથી આ લોક-પરલોક પોતાના ખ્યાતિ-લાભ-પૂજા અને ઇન્દ્રિયોના વિષય-ભોગ ઇચ્છે તેને તો બંધ જ થાય. નિદાનરહિત તપથી જ નિર્જરા થાય પણ જે સંસાર-દેહ-ભોગમાં આસક્ત થઈ તપ કરે તેનો તો આશય જ શુદ્ધ હોતો નથી તેથી તેને નિર્જરા પણ થતી નથી, નિર્જરા તો વૈરાગ્યભાવનાથી જ થાય છે એમ જાણવું.

ચૈતન્યસ્વભાવની એકાગ્રતા સિવાય જેને બીજો કોઈ હેતુ નથી એવા જીવને જ સમ્યક્ તપ હોય છે. જેને ચૈતન્યમાં એકાગ્રતા નથી ને અંદર બીજું કાંઈપણ શલ્ય પડ્યું છે, એવા જીવને સાચો તપ કે નિર્જરા નથી.

[ ક્રમશઃ ]

# * આશ્ચર્યકારી તત્ત્વ *

ચૈતન્ય, જગતથી જુદું આશ્ચર્યકારી તત્ત્વ છે; જગત સાથે તેને કાંઈ મેળ નથી. ચેતનદેવનો સ્વભાવ ચૈતન્ય. ચેતન દેવ છે માટે તેને જો. દ્રવ્યદૃષ્ટિ—સ્વભાવમાં એકત્વ ને પરથી વિભક્ત એવી ભેદજ્ઞાનની ધારા—પ્રગટ કરવી. સ્વભાવમાં એકત્વ કરવું, પરિણતિ તે તરફ વાળવી.

—પૂજ્ય બહેનશ્રી

બહુ સંક્ષેપમાં

# * બંધ મોક્ષનું સ્વરૂપ *

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૦ )

શ્રી પૂજ્યપાદસ્વામીકૃત ઇષ્ટોપદેશની આ ૨૬ મી ગાથા ચાલે છે.

મોહી બાંધે કર્મને, નિર્મમ જીવ મુકાય,
તેથી સઘળા યત્નથી, નિર્મમ ભાવ જગાય. ૨૬.

રાગી જીવ કર્મોથી બંધાય છે. રાગી એટલે જે પોતાના શુદ્ધ આનંદકંદ સ્વરૂપ સાથે વિકલ્પનો સંબંધ કરે છે તે જીવ કર્મથી બંધાય છે અને અરાગી એટલે પોતાના સ્વરૂપ સાથે સંબંધ જોડી વિકલ્પથી સંબંધ છોડનાર જીવ કર્મોથી મુક્ત થાય છે.

બહુ ટૂંકામાં આખું બંધ-મોક્ષનું કારણ સમજાવી દીધું છે.

આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ શુદ્ધ પરમાનંદ મૂર્તિ છે. તે એક સૂક્ષ્મ વિકલ્પની સાથે સંબંધ બાંધે, સંગ પામે તોપણ બંધ પામે છે. કોઈપણ જાતનો પરદ્રવ્ય કે પરભાવ સાથે સંબંધ બાંધતા જીવ બંધાય છે. અને ચૈતન્ય જ્ઞાનાનંદ જ્યોતમાં વિકલ્પ આદિ સાથે સંબંધ ન બાંધતા પોતાની દશાથી પોતાના અસંગ તત્ત્વને પામતા તે બંધથી છૂટે છે. બસ! આ જ બંધ-મોક્ષ સંબંધી જિનેન્દ્રદેવનો ઉપદેશ છે એમ પૂજ્યપાદસ્વામી ફરમાવે છે.

હવે કહે છે કે જ્યારે, બંધ–મોક્ષની આ જ સ્થિતિ છે તો વ્રતાદિમાં ચિત્ત લગાવી મન-વચન–કાયાની સાવધાની પૂર્વક નિર્મમતાનો પ્રયત્ન રાખવો, નિર્મમભાવ જગાડવો.

પ્રશ્ન—નિર્મમતાનો પ્રયત્ન શી રીતે કરવો?

પૂજ્ય ગુરુદેવ—સ્વભાવ તરફનો પ્રયત્ન કરવો. ચૈતન્યઘન આનંદકંદ જ્ઞાનમૂર્તિ-સ્વભાવમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરવો. તો, નિર્મમભાવ જાગશે. અહીં મન-વચન-કાયાથી ખસી અંદર સ્વરૂપમાં સાવધાનીરૂપ નિશ્ચય ઉપાયની સાથે વ્રતાદિના વિકલ્પરૂપ શુભવ્યવહાર-ઉપાયની વાત સાથે લીધી છે.

આત્મા પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ, અનંત આનંદનો કંદ પોતે જ પરમાત્મા છે. આત્મા એક વસ્તુ છે–પદાર્થ છે, તો એ પદાર્થનો કાયમી સ્વભાવ તો હોય ને! ત્રિકાળ આત્મવસ્તુમાં ત્રિકાળ જ્ઞાન, દર્શન, સ્વચ્છતા, પ્રભુતા, આનંદ, શાંતિ આદિ અનંતગુણ-સ્વભાવો જડેલા અવિનાભાવ સ્વભાવે છે. જડેલા છે એટલે ખીલી મારીને જડયાં છે એમ

નહિ પણ ગોળમાં જેમ ગળપણ છે તેમ આત્મામાં જ્ઞાનાદિ શક્તિઓ જડેલી છે. આવું આત્માનું અસલી સ્વરૂપ છે. તેમાં રાગાદિ વિકલ્પનો ત્રિકાળ અભાવ હોવા છતાં વિકલ્પ ઊભો કરીને તેમાં સંગ કરે—એકત્વ કરે, સંબંધ કરે તે બંધને પામે છે. આમ સંસારમાં પરિભ્રમણના કારણ એવા બંધને જીવ પોતે જ ઊભો કરે છે.

જે કોઈ અંતરની સાવધાનીપૂર્વક નિજ શુદ્ધ સ્વભાવમાં સંબંધ બાંધે, એકત્વ કરે અને રાગથી સંબંધ તોડે તે જીવ મુક્તિ પામે છે. બંધના અભાવપૂર્વક આત્માની નિર્વિકલ્પ શાંતિની પૂર્ણતારૂપ મુક્તિને પામે છે.

પરમાર્થે શરીર, કર્મ, શુભાશુભરાગાદિ વિકલ્પથી હું જુદો છું અને મારા શુદ્ધ જ્ઞાનાનંદ જ્યોતસ્વરૂપથી તે જુદાં છે. તેના સ્વરૂપથી હું જુદો છું અને મારા સ્વરૂપથી તે જુદાં છે એમ અંતરમાં ભેદ પાડવાનો અભ્યાસ કરવો તે મોક્ષાર્થી જીવનું કર્તવ્ય છે.

પરસ્વરૂપથી પોતાને જુદા પાડવાનો અભ્યાસ કરવો એ આત્માના અતીન્દ્રિય આનંદની પૂર્ણતારૂપ મુક્તિની પ્રાપ્તિ માટેની ક્રિયા છે. શરીરાદિની વિવિધ અવસ્થામાં કે રાગાદિ વિકલ્પમાં મારું કાંઈ નથી અને મારા સ્વરૂપમાં તેનું કાંઈ નથી. તેનામાં હું નથી અને મારામાં તે નથી.

જુઓ! અહીં શરીર અને વિકલ્પથી જુદા પડવાનો અભ્યાસ કરાવે છે ત્યાં સ્ત્રી, કુટુંબ, આદિની વાત તો બહુ દૂર રહી તે તો તારા હોય જ ક્યાંથી?

પ્રશ્ન:—વિકલ્પ આવ્યા જ કરે છે તેનું શું કરવું?

પૂજ્ય ગુરુદેવ:—વિકલ્પ ક્યાં તારાં સ્વરૂપમાં છે તે આવ્યા કરે? મફતનો તું તેને ઊભા કર્યા કરે છે. તું તો અનાદિ અનંત અણકરાયેલી જ્ઞાનમૂર્તિ છો તેમાં વિકલ્પનો તો ત્રિકાળ અભાવ છે છતાં ભોંમાંથી ભાલા ઉભા કરે તેમ વિકલ્પને પોતે ઉભા કરે છે અને કહે છે એમ કે વિકલ્પ આવી જાય છે.

શરીર, વિકલ્પ આદિ મારા નથી, હું તેનો નથી, તે મારા કોઈ નથી અને હું તેનો કોઈ નથી. બસ, આ ભેદજ્ઞાનજ્યોતિ જ કેવળજ્ઞાનનું કારણ છે. પણ લોકોને આ સાચા લાભની વાતની કાંઈ ખબર નથી અને આંધળી દોડ મૂકીને ખોટે માર્ગે ગેરલાભના રસ્તે દોડ્યા કરે છે.

ભગવાન આત્મા સત્...ચિત્ત...સત્...ચિત્ત...સત્...ચિત્ત...સત્ નામ શાશ્વત ચિત્ત નામ જ્ઞાનાનંદનું આખું ભંડોળ છે—સત્ત્વ છે. તેમાં રાગાદિ નથી અને રાગાદિમાં તે નથી. આમ અંદરમાં રાગથી ભેદજ્ઞાન કરવું એ જ રાગ અને જ્ઞાન વચ્ચે કરવત મૂકવાની કળા છે.

જેમ જીવ એક અસ્તિત્વવાળું દ્રવ્ય છે તેમ શરીર પણ અસ્તિત્વવાળું જડદ્રવ્ય છે અનંતા પુદ્‌ગલ પરમાણુનો એક સ્કંધ છે. તેની વર્તમાન યોગ્યતા પ્રમાણે તે પરિણમે છે તેમાં જીવ કાંઈ ફેરફાર કરી શકતો નથી.

અહીં પૂજ્યપાદસ્વામી ફરમાવે છે કે જેને અતીન્દ્રિય આનંદની પૂર્ણતારૂપ મોક્ષની પ્રાપ્તિની અભિલાષા છે તેણે ભેદજ્ઞાનની ભાવના કરવી. રાગ અને વીતરાગ આ બે સ્વભાવ વચ્ચે વહેંચણી કરવી.

હવે ગુણભદ્રસ્વામીકૃત આત્માનુશાસનનો આધાર આપે છે કે જ્યાં સુધી મુક્તિ ન થાય ત્યાં સુધી મોક્ષાર્થીએ પરદ્રવ્યથી હટવાની ભાવના કરવી એટલે કે સ્વભાવમાં એકાગ્રતા કરવી જેથી પરદ્રવ્યનું લક્ષ સહેજે છૂટી જશે. સંવર અધિકારમાં પણ આ વાતની પુષ્ટિ આપે એવો એક શ્લોક છે.

જેને મોક્ષની અભિલાષા નથી તે તો અનાદિથી પરદ્રવ્યમાં એકતા માને જ છે પણ જેને પૂર્ણાનંદ સ્વરૂપ મોક્ષની પ્રાર્થના છે તેણે પરદ્રવ્યનો સંબંધ તોડી સ્વભાવ સાથે સંબંધ જોડવાનો પ્રયત્ન કરવો. આત્મા વસ્તુ તો અવિનાશી શુદ્ધ છે જ. પણ, અજ્ઞાની જીવે રાગ-પુણ્ય-પાપ આદિનો સંબંધ ઊભો કરી તેમાં પોતાની દૃષ્ટિનું સ્થાપન કર્યું છે તેથી તેને સંગ છૂટતો નથી અને અસંગ થતો નથી. એ અસંગ થવાનો ઉપાય એક માત્ર સ્વરૂપ એકાગ્રતા જ છે.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.

મોહી કર્મ બાંધે છે અને નિર્મમ જીવ મુક્ત થાય છે માટે સઘળા યત્નથી હે ભવ્યો! તમે નિર્મમભાવ જગાવો. શુભાશુભ, કામ-ક્રોધાદિ ભાવોમાં 'આ હું છું ને આ મારા છે' એવો જે મિથ્યાત્વભાવ છે તે જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે અને હું તો એક જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છું. એક વિકલ્પ પણ મારો નથી એવો નિર્મમભાવ સંસારપરિભ્રમણથી છોડાવી જીવને મુક્તિમાં લઈ જાય છે. માટે જેને એકમાત્ર મોક્ષની પ્રાર્થના છે તેણે સર્વ પ્રયત્નથી રાગના સંબંધમાં રહેવું છોડી સ્વભાવ સાથે સંબંધ જોડવો. ઉગ્ર પ્રયત્નથી-ગાઢ પ્રયત્નથી અંતરમુખ દૃષ્ટિ કરી નિર્મમભાવ જગાડવો.

અરે! પ્રભુના પંથ કોઈ ન્યારા છે. પ્રભુ કહે છે, તું પોતે પરમેશ્વર છો-પરમ શક્તિનું સત્વ તું પોતે જ છો, માટે પામરતાના વિકલ્પોથી સંબંધ છોડ! અને પરમેશ્વરના નિજપદની સાથે સંબંધ જોડ! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકીનાથનો આ સંદેશ છે.

અરે આત્મા! તારા ધ્રુવ સ્વભાવ સાથે સંબંધ જોડ અને રાગ સાથેનો સંબંધ તોડ! પણ આ કામ પ્રયત્ન વગર નહિ થાય હો! ઘણી જાગૃતિનો ગાઢ પ્રયત્ન જોઈશે.

ભગવાન! તારામાં કયાં ખામી છે કે તને શરીર, ધન, કુટુંબ આદિ પરદ્રવ્યની જરૂર પડે? તું કયાં અધૂરો છે કે તારે પરની આશા રાખવી પડે? આનંદઘનજીમાં આવે છે ને 'આશા ઔરનકી કયાં કીજે? જ્ઞાન સુધારસ પીજે. આશા ઔરનકી મત કીજે' ચૈતન્યમૂર્તિ આનંદનો રસ છે, અંતરપ્રયત્ન વડે તે આનંદરસ પીને! બહારમાં કયાં રસ છે!

અનાદિથી જીવે જેમ કૂતરો ઘરે ઘરે રોટલાની આશા રાખે તેમ બધાં પાસે કોઈ મને મોટો કહે, ધનવાન કહે, બુદ્ધિવાન કહે, માન દઈને બોલાવે એવી આશા રાખી છે પણ અનાદિકાળમાં કયારેય પોતાના નિધાન સામે નજર કરી નથી. નજર કરે તો તો એવી ખુમારી ચડે કે એ ખુમારી કયારેય ઊતરે નહિ.

ગુરુએ સર્વ પ્રયત્નથી શિષ્યને નિર્મમ થવાનો બોધ આપ્યો ત્યારે શિષ્ય ગરજુ થઈને હવે નિર્મમ થવા માટે શું ઉપાય કરવો એમ પ્રશ્ન કરે છે. તેનો જવાબ પૂજ્યપાદસ્વામી ચાર ગાથામાં કહેશે.

અરે! ઘરમાં ભર્યાં-ભાણા ભર્યાં હોય અને એઠાં ચાટવા જાય કોકના દુનિયા પણ એને ગાંડો કહે. પીંગળાનો દાખલો આવે છે ને કે ઘરે ભર્તુહરિ મોટો રાજા પણ તેની રાણી એક તુચ્છ અશ્વપાળની સાથે સંબંધ બાંધે છે. પછી ખબર પડતાં ભર્તુહરિને વૈરાગ આવે છે. 'દેખા નહિ કુછ સાર જગતમેં, દેખા નહિ કુછ સાર' એમ કરીને દીક્ષા લઈ લે છે. તેનું નાટક અગાઉ આવતું. નાનપણમાં એ નાટક જોતાં અમારાં રૂંવાડાં ખડાં થઈ જતાં કે અમે પણ આવી વૈરાગી દશામાં કયારે આવી જઈએ!

અહીં મુનિરાજ કહે છે કે ઘરે આત્મા ચૈતન્યનિધાનથી ભરેલો છે તેને છોડીને વિકલ્પની સાથે સંબંધ જોડવો તે વ્યભિચાર છે. તે તને શોભતું નથી ભાઈ! ભર્યાં ભાણાં છોડીને એઠાં ચાટવા જા માં ભાઈ!

હવે અહીં ૨૭મી ગાથામાં મુનિરાજ મમતા ટાળી નિર્મમ થવાનો રસ્તો બતાવે છે.

નિર્મમ એક વિશુદ્ધ હું, જ્ઞાની યોગી-ગમ્ય,
સંયોગી ભાવો બધા, મુજથી બાહ્ય અરમ્ય. ૨૭.

હું એક છું, મારું સ્વરૂપ એકરૂપ છે, મારે રાગ સાથે કાંઈ સંબંધ નથી. એક વિકલ્પ પણ મારાં સ્વરૂપમાં નથી. હું તો અનંત જ્ઞાન, આનંદ સ્વરૂપે એકરૂપ છું અને પરથી નિર્મમ છું.

અસ્તિથી જુઓ તો, હું એક શુદ્ધ જ્ઞાનઘન છું અને નાસ્તિથી જુઓ તો હું પરના સંબંધ વિનાનો અને પરના મમત્વ વિનાનો નિર્મમ છું. વળી હું શુદ્ધ છું અને જ્ઞાની છું એટલે તદ્દન શુદ્ધ જ્ઞાનસ્વભાવનો ભંડાર છું.

મારો આત્મસ્વભાવ યોગીન્દ્રો દ્વારા જાણવા લાયક છે. મારા શુદ્ધ સ્વભાવને યોગીઓ જ જાણી શકે છે, પણ યોગી કોણ? કે સ્વરૂપમાં જોડાણ કરે અને રાગથી જોડાણ તોડે તે યોગી છે. તે યોગીઓ અને યોગેન્દ્રો એટલે કેવળી દ્વારા હું જાણવાલાયક છું.

સંયોગજનિત જેટલા પદાર્થો છે તે દેહ, મન, વાણી, દયા, દાન, પુણ્ય-પાપની વૃત્તિ આદિ મારા મૂળ સ્વરૂપમાં નથી. સંયોગજનિત છે. મનુષ્યદેહ પામીને કરવા લાયક તો આ સમજણ છે તેના બદલે લોકો બહારના ત્યાગ આદિને ધર્મ માનીને તેમાં ગુંચવાઈ ગયા છે.

> સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,
> સત્ સાધન સમજ્યો નહિ ત્યાં બંધન શું જાય?

સત્ સાધન સમજ્યા વિના બીજાં બધાં પ્રયત્ન વ્યર્થ છે.

હું તો એક શુદ્ધ જ્ઞાનઘન છું તે સિવાય જેટલાં વિકલ્પો છે તે બધાં મારાથી સર્વથા ભિન્ન છે. જેમ પરમાણુ મારાથી તદ્દન જુદી ચીજ છે તેમ પંચમહાવ્રતના વિકલ્પો કે કોઈપણ જાતના વિકલ્પો મારા સ્વરૂપથી સર્વથા ભિન્ન છે. એમ નક્કી કરીને સ્વરૂપમાં એકત્વ કરવું તે નિર્મમ થવાનો ઉપાય છે. સત્‌ને પ્રાપ્ત કરવાનું એકમાત્ર સાધન આ જ છે, બીજું કોઈ સાધન નથી. [ ક્રમશઃ ]

—૦—

# * શુદ્ધાત્મતત્ત્વને જો *

ગુરુદેવે અમૃતના ધોધ વરસાવ્યા. એમની અમૃતધારા ચારે કોર વરસી. ઝીણી ધારાએ નહિ પણ મુશળધાર વર્ષા વરસાવી. બધા એકદમ પાંગરી ઊઠે, બધાં અંતરનાં ઝાડપાન ખીલી ઊઠે એવી મુશળધારા વરસાવી; પણ પોતાની એટલી તૈયારી હોવી જોઈએ. અહા! પંચમ કાળમાં શ્રુતની આવી મુશળધાર વર્ષા! કોણ કહેનાર હતું—'મૂળ તત્ત્વ શુદ્ધાત્મા છે, તેને જો'! તે શુદ્ધાત્મા જ્ઞાનસ્વરૂપી, જ્ઞાનથી વણાયેલો છે; તેમાં અધરું જ્ઞાન નથી, અધૂરું દર્શન નથી, પણ તે પરિપૂર્ણ જ્ઞાન, દર્શન ને સંયમની—ચારિત્રની મૂર્તિ છે.

—પૂજ્ય બહેનશ્રી

## * વિકલ્પાતીત જ્ઞાયક તે જ હું *

વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે. તેનાથી જુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયકતત્ત્વ તે આત્મા છે. તેમાં 'આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું' તે પણ વિકલ્પ જ છે; તેનાથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે. તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે, 'હું જુદો, હું આ જ્ઞાયક જુદો' એવું નિરંતર ઘૂંટણ રહે, તે પણ સારું છે. પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ હોય તો માર્ગ નીકળે જ. પહેલાં વિકલ્પ તૂટતો નથી પરંતુ પહેલાં પાકો નિર્ણય આવે છે. ૨૭૯.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

વિચાર, મંથન બધું વિકલ્પ જ છે.

શું કહે છે? સ્વભાવે જે નિત્ય જ્ઞાયક પ્રભુ છે એવા ભગવાન આત્મામાં 'આ આત્મા છે,' 'આ આત્મા છે' એવા વિચાર તથા મંથન એ બધું વિકલ્પ-સ્વરૂપ જ છે. વિચાર અને મંથન તે રાગસહિત જ્ઞાનની પર્યાય છે. વિકલ્પનો અર્થ રાગ છે; તે ચારિત્રગુણની વિકારી પર્યાય છે. વિચારમાં જ્ઞાન અને રાગનો વિકલ્પ બંને છે.

પ્રશ્ન:—શું એ ગુણ ભેગા થઈ ગયા?

ઉત્તર:—ના, જ્ઞાન અને ચારિત્ર—બંને ગુણ એક થઈ જતા નથી, પણ વિચાર તથા મંથનમાં એ બંને ગુણોનું પરિણમન સાથે જ છે. વિચાર અને મંથનમાં જે જાણપણું છે તે જ્ઞાનનું પરિણમન છે અને જે રાગાંશ છે તે ચારિત્રગુણનું વિભાવ પરિણમન છે—બંને એકસાથે છે. સમયસાર કળશટીકામાં કહ્યું છે કે શુદ્ધસ્વરૂપનો વિચાર સુદ્ધાં બંધનું કારણ છે, કેમ કે 'હું જ્ઞાયક છું' એવો જે વિચાર છે તે પણ રાગમિશ્રિત ભાવ છે. આત્મા શરીર-વાણી-મનથી તો પર છે, પણ તે રાગમિશ્રિત વિચાર પણ આત્માનું સ્વરૂપ નથી. તેનાથી ધર્મ થતો નથી. 'હું વિજ્ઞાનઘન પરમ પદાર્થ છું' એવો રાગમિશ્રિત વિચાર—વિકલ્પ ઉઠાવવો એ પણ વિકલ્પ છે અને બંધનું કારણ છે. બધા વિકલ્પો રાગ હોવાથી હેય જ છે.

'તેનાથી જુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયકતત્ત્વ તે આત્મા જ છે.'

અંદર જે રાગની વૃત્તિ ઊઠે છે તેનાથી ચૈતન્યદળ—જ્ઞાયક પ્રભુ—અંદર ભિન્ન છે. આ તો હજુ સમ્યગ્દર્શન પામવામાં પ્રથમ શું થાય છે તેની વાત છે. સમકિત પામ્યા પછી જ્ઞાનીને અસ્થિરતાના રાગાદિ હોય છે, પણ તે તો સ્વનો આશ્રય કરતાં કરતાં છૂટી જાય છે. પરંતુ હજુ જે વિકલ્પાતીત દૃષ્ટિરૂપે પરિણમ્યો નથી તેને સ્થિરતા ક્યાંથી થાય?

રાગથી ભિન્ન ચૈતન્યસ્વભાવી ભગવાન આત્માની જ્ઞાનપર્યાયમાં પ્રવેશ કર્યા વિના 'હું આવો છું ને તેવો છું' એવા જે વિકલ્પો ઊઠે તે બધો રાગ છે. અરે! અનંતકાળ ગયો ૮૪ના અવતારમાં—કેટલો દુઃખી છે પ્રભુ! આ મોહની સંતતિ અને આ વિકલ્પ દુઃખરૂપ છે. તેનાથી ભિન્ન ભગવાન અંદર સ્થાયી પણ છે અને પરિણામવાળો પણ છે. અહા! આવી વાત છે. શું થાય? લોકોએ અત્યારે માર્ગમાં બહુ ફેરફાર કરી નાખ્યો છે. જરા જેટલો વિચાર ને મંથન કર્યું ત્યાં માની લીધું સમ્યગ્દર્શન! બાપુ! વિચાર ને મંથનના વિકલ્પ એ કોઈ ચીજ નથી. એ વિકલ્પોથી ભિન્ન અંદર જે અનાદિ-અનંત ધ્રુવ ચૈતન્યબિંબ પડ્યું છે તે પોતાની શાશ્વત ચીજ છે. જ્ઞાયકતત્ત્વ તે જ આત્મા છે, વિકલ્પ તે મૂળ આત્મા નથી.

"તેમાં 'આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું' તે પણ વિકલ્પ જ છે; તેનાથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે."

અંદર નિત્ય ચૈતન્યઘન જ્ઞાયક પ્રભુ સ્થાયી સ્થાયી સ્થાયી, અહા! સ્થિર જિનબિંબ છે, વીતરાગ નિર્વિકલ્પ પ્રભુ છે. એમાં 'આ વિકલ્પ તોડું' એ વૃત્તિ પણ રાગ છે, આત્મા નહિ. એ વિકલ્પથી પેલે પાર—દયા, દાન, વ્રત, ભક્તિ વગેરેના વિકલ્પોથી ભિન્ન—અંદર ચૈતન્યપદાર્થ છે. સમયસારની ૧૪મી ગાથામાં કહ્યું છે: હું અબદ્ધસ્પૃષ્ટ છું, અનન્ય છું, નિયત છું, અવિશેષ છું અને અસંયુક્ત છું—એવો વિકલ્પ ઉઠાવવો તે પણ રાગ છે. આ રાગ મારું કાર્ય અને હું એનો કર્તા—એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. ઝીણી વાત છે ભાઈ! સમસ્ત વિકલ્પોથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે.

"તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે, 'હું જુદો, હું આ જ્ઞાયક જુદો' એવું નિરંતર ઘૂટણ રહે, તે પણ સારું છે."

શું કહે છે? સ્થાયી વસ્તુ ભગવાન જ્ઞાયકનું સહજ અસ્તિત્વ ખ્યાલમાં આવતાં અનુભવ થઈ જાય છે. 'હું નિત્યાનંદસ્વરૂપમાં જ્ઞાયક પરથી ને વિભાવથી તદ્દન ભિન્ન છું, જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયક, આ હું જુદો જ્ઞાયક જ છું' એવું સતત ઘોલન રહે તે પણ ઉત્તમ છે, ઘોલનનો અર્થ કેવળ વિકલ્પ નહિ, પણ અંદર જ્ઞાયક તરફનું યથાર્થ

તો એવા વિકલ્પથી પણ ભિન્ન અંતર સ્વતઃસિદ્ધ જ્ઞાયક ચીજ છે.

અહીં કહે છે કે—પહેલેથી વિકલ્પ તૂટતા નથી, વિકલ્પ આવે તો છે, સર્વજ્ઞ ભગવાને કહેલો, દેહાદિથી ભિન્ન જે જ્ઞાયક આત્મા, તેના અનંતગુણો અને તેની અનંત પર્યાયો વગેરે બધું પહેલાં જેમ છે તેમ બરાબર જાણે, રાગમિશ્રિત વિચારથી પહેલાં પાકો નિર્ણય કરે, પછી સ્વભાવની એકાગ્રતા કરતાં વિકલ્પ તૂટે છે. નિર્ણય માટે વિકલ્પ આવે, પણ તે સમ્યગ્દર્શન નથી. 'હું અપરિમિત શક્તિઓનો સાગર પૂર્ણાનંદ પ્રભુ છું' એવો વિકલ્પ પહેલાં આવે, પછી તેને પણ છોડીને અંદર સ્વરૂપમાં પ્રવેશ કરવો. પ્રવેશનો અર્થ પકડવું. જ્ઞાનની પર્યાયથી જ્ઞાયકને પકડવો. જ્ઞાયકનો અનુભવ તે સમ્યગ્દર્શન છે.

પછી જ્ઞાનીને પણ અસ્થિરતાના રાગાદિભાવ આવે છે પણ તેની સાથે એકત્વબુદ્ધિ તૂટી ગઈ છે, તેનો તે કેવળ જાણનાર રહે છે. સ્વભાવનો ઉગ્ર આશ્રય કરીને તે તેનો ક્રમેક્રમે નાશ કરી નાખશે.

પહેલાં પાકો નિર્ણય આવે છે. પાકો એટલે હજુ સમ્યગ્દર્શન નહિ; પણ જ્ઞાનની વિકલ્પવાળી પર્યાય. નિર્ણયમાં જ્ઞાન અને વિકલ્પ બને છે. તેમાં રાગથી શું થાય? પણ તેમાં જે જ્ઞાનની પર્યાય છે તે વડે 'હું અખંડાનંદપ્રભુ છું, મારામાં ને પરમેશ્વરમાં શક્તિ-અપેક્ષાએ કાંઈ ફેર નથી'—એમ પ્રથમ પાકો નિર્ણય કરે, પછી વિકલ્પ તૂટતાં સમ્યગ્દર્શન ને આત્માનુભૂતિ પ્રગટ થાય. સમયસાર-નાટકમાં આવે છે ને—

कहै विचच्छन पुरुष सदा मैं एक हौं ।
अपने रससौं भर्यौ आपनी टेक हहौं ॥
मोहकर्म मम नांहि नांहि भ्रमकूप है ।
शुद्ध चेतना सिन्धु हमारौ रूप है ॥

'રાગ હું છું' એ તો ભ્રમણનો કૂવો છે; શુદ્ધ ચૈતન્યસિંધુ તે જ આત્માનું સ્વરૂપ છે. સર્વજ્ઞ ભગવાને આત્માનું જેવું સ્વરૂપ કહ્યું છે તેનો પ્રથમ જ્ઞાનની વિચારધારામાં પાકો નિર્ણય તો આવે ને? સમયસારની ૧૪૪ મી ગાથાની ટીકામાં કહ્યું છે: પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, જેણે મતિજ્ઞાનતત્ત્વને આત્મસન્મુખ કર્યું છે એવો, શ્રુતજ્ઞાનતત્ત્વને પણ આત્મસન્મુખ કરતો, અત્યંત વિકલ્પરહિત થઈને, પરમાત્મારૂપ સમયસારને જ્યારે અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે (—શ્રદ્ધાય છે) અને જણાય છે. અહીં 'જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને' એ વિકલ્પવાળા પાકા નિર્ણયની

જાત છે. નિર્વિકલ્પ આત્માનુભૂતિ તો ત્યાર પછી થાય છે.

આનંદઘનજી કહે છે :

જ્ઞાન ન જાનું, વિજ્ઞાન ન જાનું, ન જાનું ભજ નામા,
આનંદઘન પ્રભુ કે ઘરદ્વારે, રટન કરું ગુણ ધામ,
અબધૂ કયા માંગુ ગુણહીના.......

અહા! પૂર્ણાનંદ પ્રભુના આંગણામાં, એની પર્યાયમાં, એના વિચારમાં એના ગુણ ગા, એનું રટણ કર, રટણ પહેલાં વિકલ્પ સહિત હોય છે, પછી વિકલ્પ તોડીને અંદર સ્વરૂપમાં પ્રવેશ થાય છે. લોકોને—વ્યવહારના રસિયાને—આ વાત આકરી લાગે છે. તેમને તો વ્રત-તપ વગેરેમાં ધર્મ બતાવો તો ઠીક પડે છે. ભાઈ! સમ્યગ્દર્શન વિના તારાં વ્રત-તપ બધાં બાળવ્રત છે. તે ધર્મ નથી ને ધર્મનું કારણ નથી. તેનાથી ધર્મ થશે—એ માન્યતાથી તો મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. પહેલાં તત્ત્વનો પાકો નિર્ણય કર્યા પછી વિકલ્પ તૂટતાં આત્માનુભવ થાય તે ધર્મ છે. —૦—

## સુવર્ણપુરી સમાચારઃ—

તા. ૨૬-૧૧-૮૫

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મતીર્થભૂમિ સુવર્ણપુરીમાં ધાર્મિક કાર્યક્રમો નિયમિત રીતે ચાલી રહ્યા છે. સવારે શ્રી જિનેન્દ્રપૂજા, ૮ાા થી ૯ાા શ્રી સમયસારના મોક્ષ-અધિકાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું ગહનભાવ-પ્રકાશક આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પુરુષો માટે પંચાધ્યાયી ઉપર ધાર્મિક શિક્ષણવર્ગ; બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી નિયમસાર ઉપર શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ; સાંજે શ્રી યોગસાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું ભાવવાહી-ટેપપ્રવચન—એ રીતે ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

* સ્વાનુભૂતિ માર્ગપ્રકાશક પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પરમભક્ત સ્વાનુભવમંડિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સ્વાત્મસાધના સહ કુશળતાપૂર્વક બિરાજી રહ્યા છે, શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે. મહેમાનોને તેમ જ સ્થાનીક મુમુક્ષુઓને તેઓશ્રીના પવિત્ર દર્શન તથા અધ્યાત્મસરભરી અનુભવ વાણીનો અમૂલ્ય લાભ ક્યારેક ક્યારેક મળતો રહે છે.

* શ્રી મહાવીર નિર્વાણ વાર્ષિક મહોત્સવ તેમ જ શ્રી નંદીશ્વર અષ્ટાહ્નિકા મહોત્સવ આનંદોલ્લાસપૂર્વક ઉજવાયા હતા. આ પ્રસંગે બહારગામના મુમુક્ષુઓ લાભ લેવા આવ્યા હતા.

* દિવાળી-બેસતા વર્ષ પ્રસંગે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચરણોમાં તેમ જ હાર સ્વરૂપે આવેલી રકમ રૂા. ૧૦,૦૦૦ જ્ઞાનદાન ખાતે જાહેર કરવામાં આવેલી હતી.

* સ્વાનુભૂતિ માર્ગપ્રકાશક પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિદિન નિમિત્તે રાખવામાં આવેલ પાંચ દિવસના ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા દેશભરના વિભિન્ન સ્થાનેથી મુમુક્ષુઓ આવી રહ્યા છે. —•—

## વૈરાગ્ય સમાચાર :—

* નાઈરોબીનિવાસી મુકેશભાઈ દેવરાજભાઈના ધર્મપત્નિ અનસુયાબેન (વર્ષ–૩૯) તા. ૧૩–૯–૮૫ના રોજ મોટર-અકસ્માતમાં સ્વર્ગવાસ પામ્યા છે.

* પોરબંદરનિવાસી સ્વ. મનસુખલાલ ભૂરાલાલ કોઠારીના ધર્મપત્નિ લીલાવંતીબેન (વર્ષ–૬૨) તા. ૭–૧૦–૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* પોરબંદરનિવાસી શ્રી હરકીસનદાસ કલ્યાણજી વોરા (વર્ષ–૬૪) સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી શાહ ચુનીલાલ ડાહ્યાભાઈના ધર્મપત્નિ કમળાવંતીબહેન (વર્ષ–૭૮) તા. ૮–૧૧–૮૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી (હાલ સોનગઢ) શ્રી દામોદરદાસ હંસરાજ મોદીના પુત્ર શ્રી નવીનચંદ્ર (વર્ષ–૩૫)નું તા. ૧૪–૧૧–૮૫, ગુરુવારના રોજ સોનગઢ મધ્યે દેહાવસાન થયું છે. શ્રી નવીનભાઈને પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે ભક્તિભાવ તથા તત્ત્વજિજ્ઞાસા સારી હતી. તેઓ પહેલાં ધાર્મિક શિક્ષણવર્ગ પણ ભણાવતા હતા. છેલ્લા ૧૨ વર્ષથી તેમને જ્ઞાનતંતુનો વ્યાધિ થયો હતો. વ્યાધિગ્રસ્ત સ્થિતિમાં પણ તેમણે અનેક વાર સોનગઢ આવીને દર્શન–શ્રવણનો લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવને પણ તેમના ઉપર સારો કૃપાભાવ હતો.

—સદ્‌ગત આત્માઓને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો; વારંવાર સોનગઢ આવીને આત્મકલ્યાણની ભાવનાની પુષ્ટિ કરતા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કૃપા વડે પ્રાપ્ત આત્મસંસ્કારબળે તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના....


* મરણનો સમય આવશે તે કાંઈ પૂછીને નહિ આવે કે લ્યો હવે તમારે મરવાનો કાળ આવ્યો છે! અરે! સ્વપ્ના જેવો સંસાર છે, કોના કુટુંબ ને કોના મકાન મિલકત! એકદમ થઈને ક્ષણમાં દેહ છૂટી જશે! કુટુંબ કીર્તિ ને મકાન બધું અહીં પડયું રહેશે. અંદરથી ભગવાનને છૂટો પાડયો હશે તો મરણ સમયે છૂટો રહેશે; જો દેહની ભિન્નતા નહિ કરી હોય તો મરણ સમયે ભીંસમાં ભીંસાઈ જશે, માટે ટાણા છે ત્યાં દેહથી ભિન્નતા કરી લેવા જેવું છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

સૂચના :—* ટપાલ ખાતાની સૂચના પ્રમાણે ડીસેમ્બર માસનો આ અંક ૧૫મી તારીખને બદલે પહેલી તારીખે પ્રકાશિત કરવામાં આવ્યો છે.

* ટપાલ ખાતાની મંજૂરી આવી જશે તો જાન્યુઆરીનો અંક ૧૫મી તારીખે પ્રકાશિત કરવામાં આવશે.

## ગુરુકહાન-અધ્યાત્મસભાના પ્રમુખશ્રોતાની ચિરવિદાય



પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા 'ભાઈ'નું કૃપાપાત્ર સંબોધન પ્રાપ્ત કરનાર
માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી

[ સ્વર્ગવાસ : તા. ૨૯-૧૧-૮૫ ] * [ વર્ષ : ૧૦૩ ]

કહાન-પ્રભાવનાગગનનું પ્રબુદ્ધ પીઠ પ્રકાશમાન

# નક્ષત્ર અસ્ત થયુ!

સોનગઢ
તા. ૩૦-૧૧-૮૫

મુમુક્ષુજગતારણહાર પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અનન્ય ભક્ત, સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રસ્થાપક ને તેના પ્રાયઃ આજીવન પ્રમુખ અને મુમુક્ષુ-મંડળીના વયોવૃદ્ધ 'બાપુજી' માનનીય મુરબ્બી—

# શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી

—ના તા. ૨૯-૧૧-૮૫ના રોજ (ચેમ્બુર (મુંબઈ) તેમના સુપુત્ર શ્રી સુમનભાઈના ઘરે) થયેલા દેહાવસાન નિમિત્તે સોનગઢ મધ્યે પ્રવચનમંડપમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિરટ્રસ્ટ-સોનગઢ દ્વારા ભરવામાં આવેલી શોકાંજલિ-સભામાં સ્થાનીય દિગંબર જૈન મુમુક્ષુમંડળ, સમાગત મહેમાનો અને સોનગઢ ગામના પ્રતિષ્ઠિત મહાનુભાવો દ્વારા સ્વર્ગસ્થ આત્મા પ્રતિ શ્રદ્ધાંજલિ-સમર્પણ પ્રસંગે પ્રસારિત—

## શોક-પ્રસ્તાવ

આ સભા માનનીય શ્રી રામજીભાઈ દોશી (બાપુજી)ના ચિર વિયોગ પ્રસંગે, તેમના આદર્શ જીવન અને ગુણોનું સ્મરણ કરીને, આ શોક-ઠરાવ પ્રસ્તુત કરે છે. પૂજ્ય બાપુજીએ પૂજ્ય ગુરુદેવના સમાગમમાં રહીને તત્ત્વજ્ઞાનનો અનેરો લાભ લીધો છે, સંસ્થા અને તેની ગતિવિધિને અનોખું માર્ગદર્શન આપ્યું છે. તેમનું બાહ્ય જીવન નીતિમત્તાએ સદ્ધમઘતું, વ્યાવસાયિક જીવન પ્રમાણિકતા વડે પમરતું, ભક્તિજીવન ગુરુદેવ પ્રત્યે સહૃદય સમર્પિત અને આંતરિક જીવન તત્ત્વાભ્યાસમાં સદા તત્પર હતું. 'પ્રમાદ' શબ્દ તેમના જીવન-કોશની બહાર હતો. પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ભક્તિનિષ્ઠાથી તેમણે તેમનું પ્રાયઃ સમગ્ર જીવન વ્યતીત કર્યું. આ રીતે ખરેખર તેમણે જીવનમાં અમૂલો લાભ લીધો છે. સદ્‌ગત આત્મા તેમની ભાવના અને ઉદ્યમના બળે શીઘ્ર પરમ શાંતિ પામો—એવી મંગળ ભાવના આ સભા પ્રસ્તુત કરે છે.

મુરબ્બી શ્રી રામજીભાઈના પુત્ર શ્રી સુમનભાઈ તથા અન્ય પરિવારને બાપુજીના ચિર વિયોગથી દુઃખ થવું સ્વાભાવિક છે. તેમના દુઃખ પ્રસંગે આ સભા શોક-સંવેદના પાઠવે છે.

આ શોક-પ્રસ્તાવ શ્રી સુમનભાઈને મોકલી આપવાનું આ સભા ઠરાવે છે.

(છાપતાં-છાપતાં)